HAPPY 2025 NEW YEAR

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

RNI TITLE CODE NO. GUJGUJ12914 | Year : 14 | Issue : 251 | Dt. 2-1-2025 | Page : 08 | Price : Rs 3 | RNI No. GUJGUJ/2009/30906

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# દેશ માટે ૨૦૨૫ 'સુધારણા'નું વર્ષ : રાજનાથ સિંહ



**૨૧મી સદીના પડકારો વચ્ચે ભારતની સુરક્ષા અને સાર્વભૌમત્વને સુનિશ્ચિત કરીને સંરક્ષણ સજ્જતામાં અભૂતપૂર્વ પ્રગતિનો પાયો નખાશે**

નવીદિલ્હી, તા. ૧

કેન્દ્રએ વર્તમાન અને ભાવિ સુધારાઓને વેગ આપવા માટે ૨૦૨૫ને 'સુધારાના વર્ષ' તરીકે જાહેર કર્યું છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે 'સુધારણાનું વર્ષ' સશસ્ત્ર દળોના આધુનિકીકરણની યાત્રામાં એક મહત્વપૂર્ણ પગલું હશે. આ ૨૧મી સદીના પડકારો વચ્ચે ભારતની સુરક્ષા અને સાર્વભૌમત્વને સુનિશ્ચિત કરીને સંરક્ષણ સજ્જતામાં અભૂતપૂર્વ પ્રગતિનો પાયો નાખશે,'' તેમણે વિવિધ યોજનાઓ, પ્રોજેક્ટ્સ, સુધારાઓની પ્રગતિની સમીક્ષા કરવા માટે નવા વર્ષની પૂર્વસંધ્યાએ તેમની મંત્રાલયની બેઠકમાં જણાવ્યું હતું. ના તમામ સચિવો સાથેની બેઠકની અધ્યક્ષતામાં જણાવ્યું હતું

સોમવારે રાજનાથ સિંહે ખુલાસો કર્યો હતો કે ભારતની સંરક્ષણ નિકાસ એક દાયકા પહેલા રૂ. ૨,૦૦૦ કરોડથી વધીને રૂ. ૨૧,૦૦૦ કરોડને પાર કરી ગઈ છે. મંત્રીએ કહ્યું કે ૨૦૨૯ સુધીમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની સંરક્ષણ નિકાસ હાંસલ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં રાજનાથ સિંહને ટાંકીને કહેવામાં આવ્યું છે કે 'સુધારાઓનું વર્ષ' સશસ્ત્ર દળોને મલ્ટી-ડોમેન સંકલિત કામગીરી માટે સક્ષમ તકનીકી રીતે અદ્યતન લડાઇ-તૈયાર દળમાં પરિવર્તિત કરવાનું લક્ષ્ય રાખશે. બેઠકે ઝડપી અને મજબૂત ક્ષમતા વિકાસની સુવિધા માટે સંપાદન પ્રક્રિયાઓને સરળ અને સમય-સંવેદનશીલ બનાવવાનો નિર્ણય લીધો હતો. મીટીંગમાં વેપાર કરવાની સરળતા, અન્ય બાબતોની સાથે, ટેકનોલોજી ટ્રાન્સફરની સુવિધા અને સંરક્ષણ ક્ષેત્ર અને નાગરિક ઉદ્યોગો વચ્ચે જ્ઞાનની વહેંચણીમાં સુધારો કરીને જાહેર-ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. વધુ મહત્ત્વની વાત એ છે કે તેણે ભારતને સંરક્ષણ ઉત્પાદનોના વિશ્વસનીય નિકાસકાર તરીકે સ્થાપિત કરવા માટે જ્ઞાનની વહેંચણી અને સંસાધન એકીકરણ માટે ભારતીય ઉદ્યોગો અને વિદેશી મૂળ સાધનોના ઉત્પાદકો વચ્ચે સંશોધન અને વિકાસ અને ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો સંકલ્પ કર્યો.

કહેવામાં આવ્યું છે કે સુધારામાં સાયબર અને સ્પેસ જેવા નવા ડોમેન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, હાઈપરસોનિક્સ અને રોબોટિક્સ જેવી ઉભરતી ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભવિષ્યના યુદ્ધો જીતવા માટે જરૂરી સંલગ્ન યુક્તિઓ, તકનીકો અને પ્રક્રિયાઓ પણ વિકસાવવી જોઈએ. સૈન્યના નિવૃત્ત સૈનિકો માટે કલ્યાણના પગલાંમાં સુધારો કરવો અને રાષ્ટ્રીય સુરક્ષાને મદદ કરવા માટે તેમના સમર્થનનો લાભ ઉઠાવવો એ ૨૦૨૫ માટે અન્ય મુખ્ય ફોકસ ક્ષેત્રોમાંનું એક હતું. સુધારાઓની જાહેરાત કરતા રાજનાથ સિંહે કહ્યું કે તેઓ ''આશાવાદી'' છે કે ૨૦૨૫ સશસ્ત્ર દળો માટે નિર્ણાયક વર્ષ હશે. સુધારાઓ ભારતની સુરક્ષા અને સાર્વભૌમત્વને મજબૂત બનાવશે, અમને ૨૧મી સદીના પડકારોનો સામનો કરવામાં મદદ કરશે, તેમણે કહ્યું. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ કરવામાં આવેલી ઘોષણાઓની શ્રેણીએ ૨૦૨૫માં ભારતને સંરક્ષણ ટેક્નોલોજી અને નવીનતામાં વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવાનો તખ્તો તૈયાર કર્યો છે.

## સંપાદન પ્રક્રિયાઓને બનાવાશે સરળ

ઝડપી અને મજબૂત ક્ષમતા વિકાસને સરળ બનાવવા અને સમય-સંવેદનશીલ સંપાદન પ્રક્રિયાઓને સરળ બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.સંરક્ષણ ક્ષેત્ર અને નાગરિક ઉદ્યોગો વચ્ચે ટેક્નોલોજી ટ્રાન્સફર અને જ્ઞાનની વહેંચણીને સરળ બનાવવા અને વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરીને જાહેર-ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો પણ સંરક્ષણ સુધારાનો હેતુ છે.આ બેઠકમાં સંરક્ષણ ઈકોસિસ્ટમમાં વિવિધ હિસ્સેદારો વચ્ચે સહયોગ અને બ્રેકિંગ સિલોસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે મંત્રાલયે ભારતને સંરક્ષણ ઉત્પાદનોના વિશ્વસનીય નિકાસકાર તરીકે સ્થાપિત કરવા, આર એન્ડ ડી અને ભારતીય ઉદ્યોગો અને વિદેશી મૂળ સાધન ઉત્પાદકો વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે કામ કરવું જોઈએ.

# GSTએ તિજોરી છલકાવી : ડિસેમ્બરમાં ૧.૭૭ લાખ કરોડની આવક

### એક વર્ષ અગાઉ સમાન મહિનામાં રૂ. ૧.૬૫ લાખ કરોડ હતી : એપ્રિલ ૨૦૨૪માં અત્યાર સુધીમાં સૌથી વધુ GST કલેક્શન રૂ. ૨.૧૦ લાખ કરોડ

રાજકોટ, તા. ૧

ગયા વર્ષના છેલ્લા મહિનામાં એટલે કે ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન GST કલેક્શનમાં વધારો થયો છે. સરકારી આંકડા અનુસાર ડિસેમ્બરમાં કલેક્શન ૭.૩ ટકા વધીને રૂ. ૧.૭૭ લાખ કરોડ થયું છે. એક વર્ષ અગાઉ સમાન મહિનામાં તે રૂ. ૧.૬૫ લાખ કરોડ હતો. તમને જણાવી દઈએ કે નવેમ્બર મહિનામાં GST કલેક્શન વાર્ષિક ધોરણે ૮.૫ ટકા વધીને ૧.૮૨ લાખ કરોડ રૂપિયા થઈ ગયું હતું. એપ્રિલ ૨૦૨૪માં અત્યાર સુધીમાં સૌથી વધુ GST કલેક્શન રૂ. ૨.૧૦ લાખ કરોડ હતું.

ડિસેમ્બર મહિનામાં સેન્ટ્રલ જીએસટી કલેક્શન રૂ. ૩૨,૮૩૬ કરોડ, રાજ્ય જીએસટી રૂ. ૪૦,૪૯૯ કરોડ, ઈન્ટિગ્રેટેડ જીએસટી (IGST) રૂ. ૪૭,૭૮૩ કરોડ અને સેસ રૂ. ૧૧,૪૭૧ કરોડ હતો. ડિસેમ્બર મહિનામાં ઘરેલુ વ્યવહારોમાંથી GST ૮.૪ ટકા વધીને રૂ. ૧.૩૨ લાખ કરોડ થયો છે, જ્યારે આયાત પરના ટેક્સમાંથી આવક લગભગ ચાર ટકા વધીને રૂ. ૪૪,૨૬૮ કરોડ થઈ છે. મહિના દરમિયાન રૂ. ૨૨,૪૯૦ કરોડ રિફંડ કરવામાં આવ્યા હતા. જે ગયા વર્ષના સમાન મહિના કરતાં ૩૧ ટકા વધુ છે. રિફંડ કરેલી રકમ માટે એડજસ્ટ કર્યા પછી, નેટ GST કલેક્શન ૩.૩ ટકા વધીને રૂ. ૧.૫૪ લાખ કરોડ થયું છે.




વર્ષ ૨૦૨૫માં GST મોરચે ઘણા મોટા કામો થવાની સંભાવના છે. સામાન્ય લોકો જીવન અને આરોગ્ય વીમા પ્રિમીયમમાં ટેક્સ કાપની રાહ જોઈ રહ્યા છે. જો આમ થશે તો વીમાનો ખર્ચ ઘટશે. બીજી તરફ, વેપારો ઝડપથી વિવાદના નિરાકરણ માટે GST ટ્રિબ્યુનલની કામગીરીની રાહ જોઈ રહ્યા છે. તે જ સમયે, મંત્રીઓનું જૂથ (GoM) GST દરો અને સ્લેબને તર્કસંગત બનાવવાની વિચારણા કરી રહ્યું છે. જોકે, આ અંગે અંતિમ નિર્ણય જીએસટી કાઉન્સિલ લેશે. નિષ્ણાતોના મતે, ૨૦૨૫ માં ઇન્વોઇસ મેચિંગ સિસ્ટમ (IMS) ની રજૂઆતથી છેતરપિંડીયુક્ત ઈંઝઈ દાવાઓ ઘટાડીને GST ફાઇલિંગમાં પારદર્શિતા અને સચોટતા વધશે.

# અમદાવાદ - સુરત એરપોર્ટ પરથી ૬૬ કરોડનું સોનું જપ્ત કરતું DRI

### ૨૦૨૪માં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સને મળી સફળતા

અમદાવાદ, તા. ૧

૨૦૨૪ના અંત સુધીમાં, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ના અધિકારીઓએ અમદાવાદ અને સુરત એરપોર્ટ પરથી રૂ. ૬૬ કરોડની કિંમતનું કુલ ૯૩ કિલો સોનું જપ્ત કર્યું હતું. સમગ્ર વર્ષ દરમિયાન, ડીઆરઆઈ અધિકારીઓએ સોનાના દાણચોરોને પકડવા માટે અનેક બોલ્ડ ઓપરેશન હાથ ધર્યા હતા. આવા જ એક ઓપરેશનમાં એક જ કેસમાં ૪૮ કિલો સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. ૨૪ મેના રોજ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર, અબુધાબીથી આવતા બે મુસાફરો તેમના અન્ડરગાર્મેન્ટ્સમાં છુપાયેલા સોનાની પેસ્ટ સાથે ઝડપાયા હતા. માહિતી મળતાં જ ડીઆરઆઈના અધિકારીઓએ તરત જ તેમની શોધખોળ શરૂ કરી હતી. બંને શકમંદો એરપોર્ટ સર્કલ પાસેની એક હોટલમાં ગયા હતા, જ્યાં તેઓ ચેન્નાઈ સ્થિત દાણચોરી ગેંગના સભ્યો સાથે જોડાયા હતા.

સોનું હોટલમાં પહોંચાડવાનું હતું ત્યારે DRIની ટીમે દાણચોરીમાં સામેલ ૧૦ લોકોની ધરપકડ કરી હતી અને ૧૦.૩૨ કરોડની કિંમતનું ૧૦.૩૨ કિલો સોનું જપ્ત કર્યું હતું. એપ્રિલમાં DRI અધિકારીઓએ સુરતમાં એક જ્વેલર્સની દુકાન પર દરોડા પાડીને ₹૧૦ કરોડનું સોનું જપ્ત કર્યું હતું. આ સોનું બે મુસાફરો દ્વારા ડિલિવરી કરવામાં આવ્યું હતું, જેઓ દુબઈથી શારજાહ અને પછી સુરત એરપોર્ટ પર આવ્યા હતા. જુલાઈમાં, ૨૫ કરોડની કિંમતના ૪૮ કિલો સોના સાથે ત્રણ લોકો ઝડપાયા હતા, જે શારજાહથી સુરતમાં દાણચોરી કરીને લાવવામાં આવ્યા હતા. નવેમ્બરમાં DRIએ સુરત એરપોર્ટ પર એક મહિલા પાસેથી સોનું અને ૧,૪૦૦ સિગારેટ જપ્ત કરી હતી. ડિસેમ્બરમાં દુબઈથી આવી રહેલી એક મહિલા મોંઘી ઘડિયાળ સાથે ઝડપાઈ હતી અને બીજી મહિલા સુરત એરપોર્ટ પરથી ₹૨ કરોડના સોના સાથે મળી આવી હતી. ૨૫ ડિસેમ્બરે, ડીઆરઆઈએ બેંગકોકથી આવી રહેલા એક મુસાફર પાસેથી ₹૨.૩૫ કરોડની કિંમતનું ૩ કિલો સોનું જપ્ત કર્યું હતું. કોમ્પ્રેસરના પિસ્ટનમાં ચતુરાઈથી સોનું છુપાવવામાં આવ્યું હતું.

# પોરબંદર, ગાંધીધામ સહિત ૯ નગરપાલિકાઓને મનપાનો દરજ્જો

**રાજ્યમાં ૧૭ મહાનગરપાલિકાઓ અને ૧૪૯ નગરપાલિકાઓ : નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ કાર્યરત થશે**

રાજકોટ, તા. ૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યમાં એક સાથે નવી ૯ મહાનગરપાલિકાની રચનાના નિર્ણયને મંજૂરી આપી છે. વર્તમાન સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/ છાયા અને ગાંધીધામ એમ કુલ ૦૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

'વિકાસના એન્જીન' ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ ૦૮ મહાનગરપાલિકાઓ કાર્યરત છે. આ પૈકી જુનાગઢ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૦૨માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦માં રચના કરવામાં આવેલી છે. ત્યારબાદ લગભગ ૧૪ વર્ષ બાદ આ નવી ૯ મહાનગરપાલિકાઓની રચના થઈ રહી છે. આના પરિણામે રાજ્યમાં હાલની મહાનગરપાલિકાઓની સંખ્યા કરતા બે ગણી એટલે કે ૧૭ મહાનગરપાલિકાઓ અસ્તિત્વમાં આવી છે. ગુજરાતના શહેરી વિકાસમાં આ એક ઐતિહાસિક ઘટના છે તેનો વિશેષ ઉલ્લેખ પ્રવક્તા મંત્રીશ્રીએ કર્યો હતો. આ સંદર્ભમાં આ ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો મળતાં હવે રાજ્યમાં મહાનગરપાલિકાઓની સંખ્યા ૧૭ અને નગરપાલિકાઓની સંખ્યા ૧૪૯ થશે. રાજ્યમંત્રી મંડળના નિર્ણય અનુસાર નવસારી નગરપાલિકા તેમજ દાંતેજ, ધારાગીરી, એરુ અને હાંસાપોર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને નવસારી મહાનગરપાલિકા બનશે.

ગાંધીધામ નગરપાલિકા તેમજ કિડાણા, ગળપાદર, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને ગાંધીધામ મહાનગરપાલિકા બનશે. મોરબી નગરપાલિકા તેમજ શક્તસનાળા, રવાપરા, લીલાપર, અમરેલી, નાની વાવડી, ભડીયાદ (જવાહર), ત્રાજપર (માળીયા વનાળીયા), મહેન્દ્રનગર (ઈન્દિરાનગર) અને માધાપર/વજેપર ઓજી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને મોરબી મહાનગરપાલિકા બનશે.

મહેસાણા નગરપાલિકા તેમજ ફતેપુરા, રામોસણા, રામોસણા ગ.અ. વિસ્તાર, દેદીયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવા હનુમંત, તળેટી અને લાખવડ ગ્રામ પંચાયતો ઉપરાંત પાલોદર, પાંચોટ, ગિલોસણ, નુગર, સખપુરડા અને લાખવડ ગ્રામ પંચાયતોના કેટલાક સર્વે નંબરવાળા વિસ્તારો સમાવિષ્ટ થઇને મહેસાણા મહાનગરપાલિકા બનશે. સુરેન્દ્રનગર- દૂધરેજ-વઢવાણ નગરપાલિકા તેમજ ખમીસણા, ખેરાળી, માળોદ, મુળચંદ અને ચમારજ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બનશે. પોરબંદર-છાયા નગરપાલિકા તેમજ વનાણા (વિરપુર), દિગ્વીજયગઢ, રતનપર અને ઝાવર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને પોરબંદર મહાનગરપાલિકા બનશે.

પ્રવક્તા મંત્રીએ જણાવ્યું કે, આ ઉપરાંત રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,આરોગ્યલક્ષી સેવાઓ, શિક્ષણ, સ્ટ્રીટલાઇટ, બાગ બગીચા, કોમ્યુનીટી હોલ તથા ટ્રાન્સપોર્ટેશન વગેરે જેવી પાયાની સુવિધાઓ સુનિયોજિત રીતે મળતી થશે. પ્રવક્તા મંત્રીએ વધુમાં જણાવ્યું કે, મહાનગરપાલિકાઓમાં શહેરી આયોજન (અર્બન પ્લાનિંગ) ટી.પી. સ્કીમ આધારિત અને ઓર્ગેનાઇઝ્ડ રીતે થતું હોવાથી ઉપલબ્ધ જમીનનો મહત્તમ ઉપયોગ થાય છે. મહાનગરપાલિકાઓમાં સુનિયોજિત રોડ રસ્તા, કોમર્શીયલ, શૈક્ષણિક, કોમ્યુનિટી, રમતગમતનાં મેદાન જેવા હેતુ માટે જમીન ફાળવવામા આવશે. એટલું જ નહિ, સમયાંતરે નવી મહાનગરપાલિકાઓમાં બી.આર.ટી.એસ., મેટ્રો રેલ, રિવરફ્રન્ટ જેવા વિશેષ પ્રોજેક્ટ્સ અમલમાં આવશે, તેથી નાગરિકોની સુખાકારીમાં વધારો થશે અને રાજ્ય સરકારની સૌનો સાથ, સૌનો વિકાસની નેમ સાથે ઇઝ ઓફ લિવિંગને નવું પીઠબળ મળશે.

**રાજ્યના નવા ૯ મહાનગરના મ્યુ. કમિશ્નર નિમાયા**

| | |
|---|---|
| મોરબી | સ્વપ્નિલ ખરે |
| નડીયાદ | તરીકે મિરાંત પરીખ |
| પોરબંદર | એચ. જે. પ્રજાપતિ |
| મહેસાણા | રવિન્દ્ર ખટાલે |
| વાપી | યોગેશ ચૌધરી |
| સુરેન્દ્રનગર | જી. એચ. સોલંકી |
| આણંદ | મિલિન્દ બાપના |
| નવસારી | દેવ ચૌધરી |
| ગાંધીધામ | એમ. પી. પંડ્યા |

### મેસેજ આવ્યો, લિંક ખોલતાં જ ગ્રુપમાં એડ થઇ ગયો: રેટીંગ સબમીટ કરવાના નામે આરંભે દસ હજાર સામે પંદર હજાર કમાતાં લલચાઇ ગયો

# યુવાને ઘરે બેઠા કમાણી કરવાની લ્હાયમાં ગુમાવી દીધા પંદર લાખ

## બીજા બનાવમાં છ મહિનામાં સારા નફાની લાલચે કર્યુ રોકાણ : છેતરપીંડીનો વધુ એક કિસ્સો આવ્યો સામે

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧**

ઓનલાઇન ફ્રોડની ઘટનાઓમાં સતત ઉમેરો થઇ રહ્યો છે. ઘરે બેઠા કમાણી કરવાના નામે વધુ એક યુવાનને ખંખેરી લેવાયો છે. યુવાનને એક મેસેજ મળતાં તે લલચાયો હતો અને તેની લિંક ખોલતાં જ એક ગ્રુપમાં એડ થઇ ગયો હતો. એ પછી તેને રેટીંગ સબમીટ કરવાના નામે દસ હજારના રોકાણ સામે પંદર હજારનો નફો આપી દેવાયો હતો. આથી તે લલચાયો હતો અને આગળ વધતાં જ પંદર લાખનો ચૂનો લગાડી ગઠીયાઓએ પોતાનું કામ પુરુ કર્યુ હતું. બીજા કિસ્સામાં રોકાણ કરવાથી છ મહિનામાં ખુબ સારો નફો મળશે તેવી લાલચ આપી એક યુવાનના પંદર લાખ બાંસઠ હજાર ખાઇ જવાતાં છેતરપીંડીનો ભોગ બની જતાં પોલીસ પાસે દોડવુ પડ્યું હતું.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ઘરે બેઠા પૈસા કમાવવાની લાલચમાં યુવકને રૂ.૧૫.૬૪ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો. શરૂઆતમાં રૂ.૧૦ હજારના રોકાણ સામે રૂ.૧૫ હજાર આપ્યા હતા. જેથી વિશ્વાસ આવતા યુવકે તેના તેમજ માતા - પિતા, મોટાભાઈના બેંક એકાઉન્ટમાંથી રોકાણ કરવાનું શરૂ કર્યું હતું પણ પૈસા પાછા નહીં આવતા સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. વધુ વિગતો જોઇએ તો ઠક્કરબાપાનગરનો પાર્થ પટેલ નરોડા જીઆઈડીસીમાં આવેલી ફાર્મા કંપનીમાં કવોલિટી કંટ્રોલ એક્ઝિક્યુટિવ છે. ૨૨ જુલાઈએ અજાણ્યા વોટસએપ નંબર પરથી પાર્થને મેસેજ આવ્યો હતો. જેમાં ઘરે બેઠા ઓન લાઈન પૈસા કમાવવાની જાહેરાત આવી હતી. જેથી પાર્થે તે નંબર ધારક સાથે વાત કરી હતી. જેના આધારે તેને લિંક મોકલાઈ જે ઓપન કરતા તેમાં તેનો મોબાઈલ નંબર અને ઈન્વિટેશન કોડ નાખતા જ તેના નામનું એકાઉન્ટ બની ગયું હતું.

જેમાં પૈસાનું રોકાણ કરવાનું કહેતા પાર્થે રૂ.૧૦ હજાર રોકયા હતા. ત્યારબાદ રેટિંગ સબમિટ કરવાનું કહેતા પાર્થે તે ટાસ્ક પૂરા કરતા તેને રિવોર્ડ અને કમિશન પેટે રૂ.૧૫,૨૬૧ મળ્યા હતા. ત્યારબાદ પાર્થે ફરી ૧૦ હજાર રોક્યા હતા. ટુકડે ટુકડે ૧૫.૬૪ લાખનું રોકાણ કર્યું હતું. આમ છતાં ગઠિયાએ વધારે પૈસા ભરવાનું કહેતા પાર્થને શંકા ગઈ અને તપાસ કરતા ઠગાઈનો ભોગ બન્યાની ખબર પડી હતી.

ઠગાઇના બીજા બનાવમાં રોકાણના બહાને છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં જમીન અને મકાન




**ફ્રોડની ત્રીજી ઘટનામાં વીસ મહિનામાં એકના ડબલના નામે ચંડાળ ચોકડીએ બાવીસ લાખની કરી છેતરપીંડી**

દલાલીનું કામ કરતા વ્યક્તિ સાથે અન્ય મકાન દલાલે રોકાણમાં બહાને ૧૫.૬૨ લાખ રૂપિયા લીધા હતા. જે છ મહિનામાં સારા નફા સાથે પરત આપવાનું જણાવ્યું હતું. જ્યારે પૈસા પરત માંગવામાં આવ્યા ત્યારે પૈસા આપવાની ખાતરી આપી, પરંતુ પૈસા પરત આપ્યા ન હતા. આ અંગે જમીન દલાલના પત્નીએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. સેટેલાઇટમાં રહેતા માનસીબેન પરમારે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમના પતિ વિજયભાઈ પકવાન ખાતે ઓફિસ ધરાવે છે. તેમની ઓફિસમાં અવારનવાર શ્રીકાંત બ્રહ્મભટ્ટ આવતા હતા. શ્રીકાંત પણ જમીન અને મકાન લે વેચનું કામ કરતા હતા. તેથી બંને વચ્ચે મિત્રતા થઈ હતી. એક દિવસ વિજયભાઈને મળવા માટે શ્રીકાંત બ્રહ્મભટ્ટ તેમના ઘરે આવ્યા હતા અને શ્રીકાંતે વિજયભાઈને સ્કીમ સમજાવતા જણાવ્યું હતું કે, તમે મને પૈસા આપો તો હું છ મહિનામાં રોકાણ કરી સારો એવો ફાયદો કરાવી આપીશ. જેથી વિજયભાઈએ ૨૦ લાખના રોકાણ કરવાની તૈયારી બતાવી હતી.

આ લાયલ સામે વિજયભાઈએ પોતાની બચત, પત્નીના દાગીના અને બેંકમાં પડેલી તમામ રકમ ચેક તથા રોકડ દ્વારા કુલ ૧૫.૬૨ લાખ રૂપિયા ભેગા કરીને શ્રીકાંત બ્રહ્મભટ્ટને આપી હતી. આ રકમ આપ્યા બાદ છ મહિના બાદ વિજયભાઈએ શ્રીકાંત પાસેથી રોકાણ કરેલી રકમ અને નફાની માંગણી કરી ત્યારે શ્રીકાંતે કહ્યું હતું કે, થોડા દિવસમાં તમને તમારા રોકાણ કરેલા પૈસા સારા નફા સાથે પરત આપી દઈશ, પરંતુ વારંવાર પૈસા આપવા માટે શ્રીકાંત બહાના બતાવતો હતો. જેથી આ મામલે વિજયભાઈના પત્ની માનસીબેને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં શ્રીકાંત વિરૂધ્ધ ફરિયાદ નોંધાવાઇ હતી.

ત્રીજા બનાવમાં સુરતમાં દસ લોકોને વીસ મહિનામાં એકના ડબલના નામે બાવીસ લાખનો ડામ આપી દેવાયો હતો. આ મામલે ડિંડોલી પોલીસે ચાર ભેજાબાજો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ગોડાદરા શિવદર્શન સોસાયટી ખાતે રહેતા તેત્રીસ વર્ષીય મિલિંદ રતીલાલ બિહડિ મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ડિસેમ્બર ૨૦૨૩માં ડિંડોલી ખાતે એક સામાજીક પ્રસંગમાં મિલિંદભાઈને જળગાંવના પારોળા તાલુકાના વતની યોગેશ જ્ઞાનેશ્વર પાટીલ અને ગૂરૂ-સાદ શાંતારામ લોહાર મળ્યા હતા. તેમણે પોતે મહારાષ્ટ્ર ખાતે નિલેષ હિરાલાલ બહિરે અને સંદિપ બાપુ માલે સાથે મળી એસ.ટી. ટ્રેડર્સ એન્ડ ફાયનાન્શિયલ સર્વિસ નામથી કંપની ચલાવી શેરમાર્કેટમાં ટ્રેડીંગ તથા ઈન્વેસ્ટમેન્ટનો ધંધો કરતા હોવાનું જણાવ્યું હતું અને રોકાણકારોને દર મહિને રાકાણના ૧૮ ટકા રકમ પરત આપીએ છીએ એટલે કે ૨૦ મહિનામાં રોકાણની રકમ ડબલ કરી આપીએ છીએ તેવી લોભામણી લાલચ આપી હતી.

તેના થોડા દિવસ બાદ આ બન્ને ઠગ નિલેષ બહિરે અને સંદિપ માલે સાથે ફરીથી સુરત આ?વ્યા હતા અને ડિંડોલી પોલીસ સ્ટેશનની બાજુમાં ઉમા પ્લાઝા પાસે મળ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૪ના અંતમાં રોકાણના ૧૮ ટકા ન મળતા તેમણે ચારેયનો સંપર્ક કર્યો હતો. મિલિંદભાઈની જેમ જ અન્ય ૯ વ્યક્તિઓ સાથે પણ છેતરપીંડી કરી હતી. આમ અલગ અલગ ૧૦ વ્યક્તિઓ પાસેથી કુલ રૂ.૨૫,૯૮,૫૦૦નું રોકાણ કરાવ્યા બાદ તેમાંથી માત્ર ૩,૪૩૬૫૦ જેટલી રકમ પરત કરી હતી અને બાકીની રકમ પરત કરી ન હતી. અંતે ઠગાઈની ફરિયાદ દાખલ કરાવાઇ હતી.

# મનપા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૫ નું કરશે જાજરમાન આયોજન

## ૧૨ જાન્યુઆરીના રોજ આયોજિત કાર્યક્રમમાં વિવિધ દેશોના તથા ભારતના વિવિધ રાજ્યોના પતંગવીરો લેશે ભાગ

રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે ૧૨ જાન્યુઆરીના રોજ ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ ગ્રાઉન્ડ ખાતેઆંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું છે.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં વિવિધ દેશોના તથા ભારતના વિવિધ રાજ્યોના પતંગવીરો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેનાર છે.આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શુભારંભ રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવશે તેમજ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ મેયર નયનાબેન



પેઢડીયા,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ ગુજરાતનુ પ્રવાસન ક્ષેત્ર આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષે રાજ્યના વિવિધ શહેરોમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજવાની શરૂઆત કરવામાં આવેલ હતી. જે મુજબ આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનુરાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે રાજકોટ ખાતે આગામી તા.૧૨ રવિવારના રોજ સવારે ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ)ના ગ્રાઉન્ડ ખાતે આયોજન કરેલ છે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં વિવિધ દેશો તથા ભારતના વિવિધ રાજ્યોના પતંગવીરો આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેનાર છે.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શુભારંભ રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવશે તેમજ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.આ ઉપરાંત આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, ગુજરાત પ્રવાસન નિગમના કમિશનર અને મેનેજિંગ ડીરેક્ટર સહિતના અધિકારી-કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષદંડક મનીષભાઈ રાડિયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ શહેરીજનોને આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં જોડવા તેમજ નિહાળવા ઉપસ્થિત રહેવા એક અપીલ કરી હતી.

### લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારાઓની ખેર નહીં

# રઘુરાઈ ફૂડ ઝોન સહિત ૩૮ વેપારીઓ પર દરોડા

## અખાદ્ય એક્સપાયરી વીતી ગયેલ સોસ, સીઝનિંગ, ટોર્ટિલા તથા બ્રેડનો અંદાજીત ૧૪ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર જ કરાયો નાશ

રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન નાનામવા રોડ, રાજકોટ મુકામે આવેલ ''રઘુરાઈ ફૂડ ઝોન'' પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ વાસી અખાદ્ય એક્સપાયરી વીતી ગયેલ સોસ, સીઝનિંગ, ટોર્ટિલા તથા બ્રેડનો અંદાજીત ૧૪ કિ.ગ્રા. જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાઇસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.



સર્વેલન્સ ચેકિંગ દરમિયાન વેસ્ટ ગેટ, રૈયા ચોક પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ મુકામે આવેલ ''લાપીનોઝ પીઝા'' પેઢીની તપાસ કરતા પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ. મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા ઋઋઠ વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન અમુલ સર્કલ થી હુંડાઇ શો-રૂમ તથા જામનગર રોડ નાગેશ્વર વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૮ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૨૩ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૨૩ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ. જેમાં જય અંબે લીંબુ સોડા, જય મહાદેવ પૂરી શાક , સત્યમ ફરસાણ, રાધે શ્યામ ડેરી ફાર્મ, ગંગા ચાઈનીઝ પંજાબી, બહુચર પાન, ખોડિયાર નાસ્તા સેન્ટર, રાજ વડાપાઉં, ખેતલાઆપા પાન કોલ્ડ્રિંક્સ, સંતોષ પાન કોલ્ડ્રિંક્સ, બોમ્બે વડાપાઉં, ધોરજીવાળા ભૂંગળા બટેટા, રાજ દાળ પકવાન, ગાયત્રી ડેરી, જય અંબે ફૂડ ઝોન, મહાવીર પ્રોવિઝન સ્ટોર, કેવલમ ખમણ, ગુરુકૃપા કોલ્ડ્રિંક્સ, ખોડિયાર પાન કોલ્ડ્રિંક્સ, આનંદ પ્રોવિઝન સ્ટોર, મહાદેવ નમકીન, મહાદેવ પ્રોવિઝન સ્ટોરને લાઇસન્સ મેળવવા તાકીદ કરવામાં આવી.

બીજા તરફ મિશ્રા છોલે ભટુરે , જયશ્રી ચામુંડા પાન, ઓમ સાંઇ પાન કોલ્ડ્રિંક્સ, ડિલ્કસ પાન, શક્તિ ટી સ્ટોલ, જયશ્રી આશાપુરા સુપર માર્ટ, માહિ કંપની પાર્લર, રાજ જનરલ સ્ટોર, રાજ આઇસ્ક્રીમ, મારુતિ કોલ્ડ્રિંક્સ, કેવલ ફરસાણ, બાલાજી પાન કોલ્ડ્રિંક્સ, કે.કે. સુપર માર્ટ, સનસાઇઝ સુપર માર્ટ, લાઈફ કેર ફાર્મસીની ચકાસણી કરવામાં આવી હતી.

### ગર્ભમાં બાબો છે કે બેબી તે પોર્ટેબલ મશીનથી ચેક કરી આપી કમાણી કરાતી હતી

# પંદર હજારમાં ગર્ભ પરિક્ષણ કરી આપતી મહિલા ઝડપાઈ

## પોતાને આયુર્વેદિક ડોક્ટર તરીકે ઓળખાવતી મહિલા કોઇની ઘરે જઇ પરિક્ષણ કરે તો પાંચસો રિક્ષા ભાડાના પણ વસુલતી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૧**

ગેરકાયદેસર રીતે ગર્ભ પરિક્ષણ કરવુ તે ગુનો ગણાય છે. અવાર નવાર પોલીસ અને આરોગ્ય વિભાગનો ટીમો આ રીતે પરિક્ષણ કરતાં કહેવાતા તબિબો કે તબિબના નામે રોકડી કરનારાઓને પકડી લઇ કાર્યવાહી કરે છે. વધુ એક વખત આવી એક મહિલા પકડાઇ છે જે પંદર હજાર રૂપિયામાં જે તે સગર્ભાના પેટમાં બાબો છે કે બેબી? તેનું પરિક્ષણ કરી આપતી હતી. પોતાની જાતને આયુર્વેદિક ડોક્ટર ગણાવતી આ મહિલા જો ઘરે જઇને પરિક્ષણ કરે તો રિક્ષા ભાડાના રૂપિયા પણ અલગથી વસુલ કરતી હતી. બીજી તરફ પોલીસે વધુ ત્રણ ડીગ્રી વગરના ડુપ્લા ડોક્ટરને પણ પકડી લઇ કાયદાના ઇન્જેક્શન ઠપકાર્યા છે.

પ્રથમ કાર્યવાહીની વિગતો જોઇએ તો ભાવનગર જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા શહેરના તરસમિયા રોડ પર રહેણાકી વિસ્તારમાં ઘરમાં ચાલતા સોનોગ્રાફી ડમી સગર્ભા તૈયાર કરી હાથો હાથ ડિગ્રી વગરના આયુર્વેદ ડોક્ટરને પકડી પાડ્યા હતા. જિલ્લા આરોગ્ય વિભાગની ટીમે ૩૧ની ઉજવણી ગેરકાદેસર સોનોગ્રાફી કરતા ડિગ્રી વગરના ડોક્ટરનો ભાંડો ફોડી કરી હતી. ભાવનગર જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગની ટીમે ડમી સગર્ભા તૈયાર કરી આજે શહેરના વિરાણી સર્કલ ખાતે ગેરકાયદેસર સોનોગ્રાફી કરતા ડોક્ટરના એજન્ટનો સંપર્ક સાધ્યો હતો જે એજન્ટ સુધાબેને ડમી સગર્ભા અને અન્ય બે સગર્ભા મહિલાઓને રિક્ષામાં બેસાડી તરસમીયા રોડ પર લઈ ગયા હતા. જ્યાં રહેણાકી વિસ્તારમાં સગર્ભાઓને લઈ ગયા હતા.

એક કલાકથી પણ વધુ સમય થઈ ગયો હોવા છતાં રીક્ષા બહાર નહિ આવતા આરોગ્ય વિભાગની ટીમ તરસમીયા રોડ પર શિવસાગર સોસાયટીમાં જઈ ચડ્યા હતા. અને રીક્ષા નીકળવા જતા તને ઘેરી વળ્યા હતા. ડમી સગર્ભા આરોગ્ય વિભાગની ટીમને બે માળના મકાને લઈ ગયા હતા જ્યાં ગેરકાયદેસર સોનોગ્રાફી થતી હતી. મકાન માલિક બારોટ નામના મહિલા હોવાથી મહિલા પોલીસને પણ બોલાવવામાં આવ્યા હતા. જ્યાં મકાનમાં તપાસ કરતા પોર્ટેબલ સોનોગ્રાફી મશીન મળી આવ્યું હતું અને તે અધેવાડા વિસ્તારમાં ક્રિષ્ના ક્લિનિક ચલાવતા આયુર્વેદિક ડોક્ટર ક્રિષ્નાબેન કામોઠીનું હતુ અને તેઓ દ્વારા જ જાતિ પરીક્ષણ કરવામાં આવતું હોવાનું મકાન



**બીજી તરફ ડીગ્રી વગર દવાખાના ખોલી બેસી ગયેલા વધુ ત્રણ ડુપ્લા ડોક્ટરને પોલીસે દીધા કાયદાના ઇન્જેક્શન**

માલિક દ્વારા જણાવ્યું હતું.

જેથી ડોક્ટર ક્રિષ્નાબેનને બોલાવી ગેરકાયદેસર જાતિ પરીક્ષણ કરવામાં આવતા સોનોગ્રાફી મશીનને કબજે કરવામાં આવ્યું હતું અને ડિગ્રી વગરના ડોક્ટર સામે પણ રોજકામ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સી.ડી.એચ.ઓ. ડો.ચંદ્રમણી કુમાર અને તેમની ટીમે સવારથી ટ્રેપ ગોઠવી ઓપરેશન સફળ પાર પાડ્યું હતું. અધેવાડા ક્રિષ્ના ક્લિનિક ચલાવતા આયુર્વેદિક ડો. ક્રિષ્નાબેન કામોઠી શહેરના જુદા જુદા રહેણાકી વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે જાતિ પરીક્ષણ કરતા હતા અને એકવાર સોનોગ્રાફી કરી બાબો છે કે બેબી તે જણાવવાના ૧૫૦૦૦ રૂપિયા લેવામાં આવતા હતા. તદુપરાંત રિક્ષાભાડુ ૫૦૦ અને અલગ ચાર્જથી ગર્ભ પડાવતા હોવાનું આરોગ્ય વિભાગને જાણવા મળતાં આગળ કાર્યવાહી કરવામાં આવી હતી.

બીજી તરફ વધુ ત્રણ નકલી ડોક્ટર પકડાયા છે. સુરત અલથાણ ભટારમાંથી ત્રણ બોગસ તબીબોને પોલીસે ઝડપી લેવાયા હતાં. બાતમીના આધારે પોલીસે જીલ્લા આરોગ્યની ટીમને સાથે રાખી છાપો માર્યો હતો. જેમાં આ ત્રણેય બોગસ તબીબી સર્ટીફિકેટના આધારે તબીબી પ્રેક્ટીસ કરતા હોવાનું તેમજ એલોપેથી સારવાર આપતા હોવાનું સામે આવ્યું હતું. આખરે પોલીસે આ ત્રણે બોગસ તબીબ તેમજ તેમને સર્ટીફિકેટ ઈશ્યુ કરનાર રશેષ ગુજરાથી સહિતની ટોળકી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ખટોદરા પોલીસને ભટાર અલથાણ વિસ્તારમાં બોગસ તબીબો દ્વારા ગેરકાયદેસર રીતે ક્લીનીક ચલાવી લોકોને સારવાર આપવામાં આવી રહી હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે જિલ્લા આરોગ્ય વિભાગ પાસેથી મેડિકલ ટીમ મેળવી ટીમની સાથે અલગ અલગ ત્રણ જગ્યાએ છાપો મારી તપાસ હાથ ધરી હતી.

જેમાં ભટાર તડકેશ્વર મહાદેવ મહોલ્લામાં વિનાયક ક્લિનીકમાં તપાસ કરતા અલથાણ સ્ટર્લીંગ એવન્યુ ખાતે રહેતા યમુનાપ્રસાદ શિતલાપ્રસાદ મિશ્રા કોઈ પણ ડીગ્રી વગર પ્રેક્ટીસ કરતા હોવાનું સામે આવ્યું હતું. તેવી જ રીતે ભટાર સોમનાથ સોસાયટી બીલાલ મસ્જીદ પાસે ચક્રવર્તી ક્લિનીકમાં પોલીસે છાપો મારી તપાસ કરતા ત્યાં કૌશીક ગોપાલ ભૌમીક ડીગ્રી વગર એલોપેથીની પ્રેક્ટીસ કરતા હોવાનું સામે આવ્યું હતું. ત્યાર બાદ ભટાર સુધન કોમ્પલેક્ષમાં પોલીસે છાપો મારતા ત્યાં રહેતા અરૂણકુમાર નાયક તેમના ઘરે જ ડીગ્રી વગર તબીબી પ્રેક્ટીસ કરતા હોવાનું સામે આવ્યું હતું. ત્રણે તબીબો પાસેથી રજીસ્ટ્રેશન બાદ રીન્યુ કરાવવાના નામે પણ રૂપિયા પડાવવામાં આવતા હતા અને રિન્યુ ન કરાવે તો રજીસ્ટ્રેશન રદ કરી દેવાની ધમકી પણ આપવામાં આવતી હોવાનું પોલીસની પુછપરછમાં સામે આવ્યું છે.

### વીમા માટે પોતાના જ મિત્રની હત્યા કરી લાશ સળગાવ્યાનો કિસ્સો તાજો છે ત્યાં બીજી આવી ઘટના સામે આવી

# વીમો પકવવા દાટેલી લાશ કાઢી કારમાં મુકી સળગાવી દીધી!

## કરોડોનું દેણુ થઇ જતાં પોતાનો દોઢ કરોડનો વિમો પકવવા ભેજાબાજે ચાર મહિના પહેલા મૃત્યુ પામનારની દફનાવેલી લાશ કાઢી પોતાની કારમાં મુકી સળગાવી પોતે મરી ગયો છે એવો દેખાવ ઉભો કર્યોઃ તેના ભાઇ, મિત્રો પણ કાવત્રામાં સામેલ થયાઃ તમામની ધરપકડ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૧**

રૂપિયા માટે લોકો કઇ હદ સુધી જતાં હોય છે તેની પ્રતીતિ કરાવતી ઘટનાઓ અવારનવાર બનતી રહે છે. ઘણીવાર રૂપિયા માટે મિત્ર પોતાના મિત્રની હત્યા કરી નાખતા પણ અચકાતાં નથી. તાજેતરમાં જ એક ઘટના સામે આવી હતી જેમાં રાજકોટના શખ્સે પોતાના જ મિત્રને ક્રુરતાથી પતાવી લાશ સળગાવી દીધી હતી. વીમો પકાવવા માટે તેણે આ ખોફનાક કાવત્રાને અંજામ આપ્યાની વિગતો ખુલી હતી. જો કે હત્યારો હજુ પકડાયો નથી. ત્યાં આવી જ બીજી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં દોઢ કરોડનો વિમો પકવવા માટે એક શખ્સે પોતાના જ મોતનું ષડયંત્ર રચ્યુ હતું. કરોડોનું દેણુ થઇ ગયું હોઇ આ ભેજાબાજે એક કરોડનો વિમો પકવવા પોતે મરી ગયો છે તેવુ દેખાડવા કોઇને દફનાવેલી લાશ કાઢી લાવી પોતાની કારમાં મુકી સળગાવી દીધી હતી. જો



કે પોલીસે આ ખોફનાક ષડયંત્રનો પર્દાફાશ કર્યો હતો. આ કાવત્રામાં આ શખ્સે પોતાના ભાઇ અને મિત્રોની પણ મદદ લીધી હતી. પોલીસે તમામની ધરપકડ કરી પ્લાન પર પાણી ફેરવી દીધુ હતું.

અમુક ગુનેગારોમાં થ્રીલર સસ્પેન્સ ફિલ્મની કથાની અસર કેવી થાય છે તેનો કિસ્સો બનાસકાંઠામાં વડગામના ધનપુરામાં સામે આવ્યો છે. જેમાં માસ્ટર માઈન્ડ દલપતસિંહ નામના વ્યક્તિએ પોતાના જ મોતનું ષડયંત્ર રચ્યું હતું. દલપતસિંહ પર કરોડોનું દેવું થઈ ગયું હતું અને દલપતસિંહ આ દેવામાંથી મુક્ત થવા ૧ કરોડનો વિમો લીધો હતો. જોકે વીમો ત્યારે જ મળે કે જ્યારે દલપતસિંહનું મોત થાય.

જેથી દલપતસિંહ અને તેના મિત્રોએ દફનાવેલી ચાર માસ અગાઉ મૃત્યું પામેલા એક વ્યક્તિની લાશ લાવી હતી અને તેને કારમાં મૂકીને સળગાવી દીધી હતી. ત્યારબાદ આ લાશ દલપતસિંહ પરમારની છે અને દલપતસિંહ અકસ્માતે કારમાં સળગી મૃત્યુ પામ્યા છે તેવો દાવો કર્યો હતો.

આ ઘટના જાહેર થતાં જ પોલીસની ટીમો કામે લાગી હતી. તપાસ આગળ વધતા જ પર્દાફાશ થયો હતો. પોલીસ તપાસમાં સાબિત થયું હતું કે જે વ્યક્તિની કારમાંથી લાશ મળી છે તે વ્યક્તિને આરોપીઓએ કબરમાંથી ખોદી લાવી સળગાવી હતી અને તે બાદ દલપતસિંહ અને તેના તમામ મિત્રો ભાગી છૂટયા હતા. જેમાં દલપતસિંહના ભાઈએ લાશને પોતાના ભાઈની લાશ હોવાનું ઓળખી બતાવી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આ તમામ મામલામાં પોલીસે તપાસ અંતે આ સમગ્ર કેસનો ભાંડો ફોડ્યો હતો. જેમાં ત્રણ આરોપીઓ પકડાયા છે અને માસ્ટર માઈન્ડ દલપતસિંહ પરમારની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

વધુ માહિતી અનુસાર વડગામના ધનપુરા ધાણધા ગામમાં શુક્રવારે પોલીસને એક સળગેલી કાર મળી આવી હતી. આ કારમાં ભડથું હાલતમાં એક વ્યક્તિની લાશ પણ હતી. જે મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી અને કારમાં ડ્રાઇવર સીટ પર બેઠેલી વ્યક્તિનું સળગી જવાથી મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે કંકાલ બની ગયેલા હાડકાના અવશેષોનો એફએસએલ અને ડીએનએ રિપોર્ટ તપાસ માટે મોકલ્યો હતો. જો કે ક્રાઈમ સ્પોટ ઉપરની થીયરી જોતા પોલીસે આ મામલો કોઈ મોટા ષડ્યંત્ર હોવાનું માની ઝીણવટ ભરી તપાસ હાથ ધરી હતી. જેમાં તપાસ દરમિયાન પોલીસને મહત્વના પુરાવા મળ્યા હતા અને આ પુરાવામાં સાબિત થયું હતું કે ચાર માસ અગાઉ મરી ગયેલા વ્યક્તિની લાશ લાવી સળગાવી મુખ્ય આરોપી દલપતસિંહ પરમાર દ્વારા એક કરોડનો વીમો મેળવવા મોતનું તરકટ રચ્યું હતું અને તે રીતે દેવામાંથી મુક્તિ મેળવવા આ અપરાધ કર્યો હતો.

રાજકોટના એક શખ્સે પણ પોતાનો વિમો પકવવા પોતાના જ મિત્રને લલચાવી ગોંડલના મોટા મહિકા લઇ જઇ તેની હત્યા કરી લાશ સળગાવી મારી પોતે મરી ગયો છે તેવી એલીબી ઉભી કરી હતી. આ ઘટનાનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. હત્યારો આરોપી હજુ હાથમાં આવ્યો નથી.

# એન્ટી હ્યુમન ટ્રાફિકિંગે ડિસેમ્બરમાં તરૂણી સહિત ૨૨ વ્યક્તિને શોધી

## ખોવાયેલી વ્યક્તિઓનું પરિવાર સાથે કરાવ્યું મિલન થતાં અનેરું દ્રશ્ય સર્જાયું

રાજકોટ તા. ૧

રાજકોટ શહેરમાં પોલીસના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે ડિસેમ્બર માસમાં ૧૪ વર્ષની અપહરણ થયેલી તરુણી સહિત લાપતા થયેલી ૨૨ વ્યક્તિને શોધી કાઢવામાં સફળતા મેળવી છે. આ તમામ વ્યક્તિઓનું તેમના પરિવાર સાથે મિલન કરવામાં આવતા, પરિવારમાં આનંદ છવાયો હતો. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, નાયબ પોલીસ કમિશનર ડો.પાર્થરાજસિંહ ગોહિલ તથા મદદનીશ પોલીસ કમિશનર ભરત બસીયાની સુચના અને માર્ગદર્શન




મુજબ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (એ.એચ.ટી.યુ.)ની ટીમે રાજકોટ શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અપહરણ થયેલા બાળકો તથા ગુમ થનાર વ્યક્તિઓને શોધી કાઢવા સઘન કવાયત શરૂ કરી હતી.

જેમાં એ.એચ.ટી.યુ.ની ટીમે ટેકનિકલ ઈન્ટેલિજન્સ તથા હ્યુમન રીસોર્સીસના આધારે તપાસ કરીને, અપહરણ થનાર ૧૪ વર્ષની એક બાળકી તથા ગુમ થનારી કુલ ૨૨ વ્યક્તિઓને ડિસેમ્બર મહિના દરમિયાન શોધી કાઢવામાં સફળતા મેળવી છે. દરમ્યાન એ.એચ.ટી.યુ.ની ટીમ દ્વારા રાજકોટ શહેરના વિસ્તારમાં સતત વોચ રાખવામાં આવી હતી.

તથા શંકાસ્પદ સ્થળોની વારંવાર મુલાકાત લઈને ગુમ થનાર વ્યક્તિઓને શોધી કાઢી પોતાના પરીવાર સાથે મિલન કરાવવામાં આવ્યું છે.

લાપતા વ્યક્તિનું પરિવાર સાથે પુનઃમિલન થતાં, પરિવારના સભ્યોની આંખો ખુશીના આંસુથી છલકાઈ ઊઠી હતી.

આ સમગ્ર કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર ભાર્ગવસિંહ ઝણકાટ, તથા પો.ઈન્સ. સી.એચ.જાદવની રાહબરીમાં પી.એસ.આઈ. એચ.એન.ગઢવી તથા એ.એસ.આઈ. હરપાલસિંહ ઝાલા તથા એ.એસ.આઈ. બાદલભાઈ દવે તથા એ.એસ.આઈ. પુષ્પરાજસિંહ પરમાર તથા પો.હેડ.કોન્સ. ધીરેનભાઇ ગઢવી તથા પો.હેડ.કોન્સ. હરસુખભાઇ ડી. વાછાણી તથા પો.હેડ.કોન્સ મહમદઆરીફ અંશારી તથા મહિલા પો.કોન્સ. ભુમીકાબેન ઠાકર તથા કુલદિપસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

# વર્ષ ૨૦૨૪ દરમિયાન ૬૧૮૨ કેસોનું નિરાકરણ લાવતી અભયમ

રાજકોટ તા. ૧

ગુજરાતની મહિલાઓને અભય બનાવતી ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઇન ૨૪*૭ કાર્યરત છે. જો કોઈ મહિલા શારીરિક-માનસિક હિંસાનો ભોગ બની રહી હોય તો તે ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર ફોન કરીને મદદની અપીલ કરી શકે છે. આ સ્થિતિમાં રેસ્ક્યુ વાન પીડિત મહિલાની મદદે પહોંચી જાય છે અને જરૂર જણાયે મહિલાને સલામત સ્થળે લઈ જાય છે. આમ, અભયમ રેસ્ક્યુ વાન મહિલાઓની સુરક્ષા અર્થે મહત્વની સાબિત થઇ છે. ત્યારે રાજકોટ જિલ્લાની મહિલાઓને નિર્ભય બનાવવા જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીના પ્રયાસોથી ગ્રામ્ય વિસ્તાર માટે એક અભયમ રેસ્ક્યુ વાન ફાળવવામાં આવી છે.




રાજકોટ જિલ્લામાં જાન્યુઆરીથી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન મહિલાઓની સમસ્યાને ધ્યાને લઇને ઘટનાસ્થળ પર રેસક્યુ વાન લઈ જઇને ૩૦૯૧ કેસનું નિરાકરણ લાવવામાં આવ્યું છે. કુટુંબના સભ્યો અને આગેવાનો સાથે પરામર્શ કરીને ૧૯૨૩ કેસમાં સ્થળ પર સમસ્યાનું સામાધાન કરવામાં આવ્યું છે. તેમજ ૧૦૭૨ કેસોમાં મહિલાની ગંભીર સમસ્યાને ધ્યાને લઇને પોલીસ સ્ટેશન, મહિલા સહાયતા કેન્દ્ર, આશ્રય ગૃહ, સગા-સબંધી, ફેમિલી કાઉન્સિલીંગ સેન્ટર, નારી અદાલત, વિવિધ મહિલા કલ્યાણ કેન્દ્રો, ઓ.એસ.સી. ખાતે આગળની કાર્યવાહી માટે લઇ જવામાં આવ્યા છે. જયારે અન્ય ૯૬ કેસોમાં પીડિતાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું છે.



# ફરિયાદની ફરિયાદ !

## ગૃહ સચિવે રગ પકડી, પણ અમલ કરાવવો અઘરો




દસેક દિવસ પૂર્વે રાજકોટમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાઇ હતી. અધિકારીઓએ બડાશ હાંકતા કહ્યું હતું કે, ગુજરાતમાં ગુન્હાખોરી ઘટી છે. આ અંગેના આંકડા પણ રજૂ થયા હતા. વાસ્તવિકતા અલગ છે. પોલીસ તંત્ર નોંધાયેલા ગુનાને જ ગુન્હા ગણે છે. તંત્ર મોટાભાગે લોકોની ફરિયાદ લેતું નથી. માત્ર અરજી કરાવે છે. આ કારણે રાજ્યભરમાં ગુન્હાનો આંક નીચો દેખાય છે.

આ બાબત સિક્રેટ નથી જગ જાહેર છે, પણ પોલીસને કોઈ કહેવાવાળું હોતું નથી. આ કારણે તંત્ર બ્રેક વગરની ગાડી જેવું બની ગયું છે. ઘણા સમયથી આવું લોલમલોલ ચાલે છે.

અધિક ગૃહ સચિવ એમ. કે. દાસે ગુજરાતના દુખાવાની મુખ્ય નસ પકડી લીધી છે. દાસે પોલીસ તંત્રને લોકોની ફરિયાદો લેવા કડક આદેશ આપ્યો છે. અને ચેતવણી પણ આપી છે કે, **FIR** લેવામાં પોલીસ ગલ્લા તલ્લા કરશે તો તેની સામે કડક કાર્યવાહી થશે.

જાણકારો કહે છે કે, પોલીસ **FIR** લે તો તેમણે જે તે કેસમાં સત્તાવાર કાર્યવાહી દેખાડવી પડે છે. પોલીસ અને આ બાબત પળોજણ લાગે છે. આ ઉપરાંત અરજી લેવામાં આવે તો પોલીસનું સેટિંગબાજ તંત્ર અરજી લઈને જે તે સ્થાને પહોંચી જઈને ખિસ્સા ગરમ કરી લે છે.

ગુજરાત ભરમાં પોલીસ તંત્રને આ સિસ્ટમ ફાવી ગઈ છે. આ કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ગુન્હાખોરી વધતી જાય છે અને **FIR** ઘટતી જાય છે. આ ચમત્કાર પોલીસ તંત્રની કુવૃતિના કારણે સંભવ બને છે.

અધિક ગૃહ સચિવ પાવરફુલ પદ ગણાય છે. તેમણે પોલીસને ચેતવણી આપીને **FIR** લેવા આદેશ કર્યો છે. આ બાબત સામાન્ય નથી જોકે પોલીસ ખાતું ભલભલાને ભૂ પીવડાવી દેવા સક્ષમ છે. ગૃહ સચિવની ચેતવણી કે આદેશને સરળતા થી ગણકારે તે વાતમાં માલ દેખાતો નથી.

વાસ્તવમાં પોલીસ તંત્ર કામ કરતો થાય તે માટે વિશેષ પ્રયાસો કરવા પડશે. આ દિશામાં રાજકીય ઈચ્છા શક્તિ પણ જગાવવી પડશે. ગૃહ સચિવે મેદાનમાં આવીને પોલીસ તંત્રને જાગૃત કરવો પડશે.

ઘણા અનુભવીઓ એમ પણ કહે છે કે, અમુક લોકો ખોટી ફરિયાદો કરતા હોય છે. આ કારણે પોલીસે ધંધે લાગવું પડે છે. આ બાબતમાં તથ્ય છે, પણ તેનો અર્થ એવો તો ન કરાય કે કોઈની ફરિયાદો જ ન લેવી... ખોટી **FIR** કરનારા ને પાઠ ભણાવવા પણ પોલીસને અધિકાર છે જ.

ગમે તે બહાનાબાજી  કરાશે, પણ સામાન્ય લોકોની **FIR** સરળતાથી નહિ જ લેવાય, તેવી આશંકા છે. ગૃહ સચિવે વિશેષ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. પોલીસ **FIR** લેવાની ના પાડે તો એ **FIR** સીધી ગૃહ મંત્રાલયમાં જ મોકલી શકાય તેવી ગોઠવણ જરૂરી છે. પોલીસ તંત્રને પોતાની ફરજ પ્રત્યે ગંભીર બનાવવામાં નહીં આવે તો ગુજરાત અફઘાનિસ્તાન જેવું થઈ જશે.


॥ સંગઠન ના 6 મૂળ મંત્રો.॥

संघे शक्तिः कलियुगे

1.સમાજ માટે લડાઇ લડો.
2.લડી ના શકો તો લખો.
3.લખી ના શકો તો બોલો.
4.બોલી ના શકો તો સાથ આપો.
5.સાથ પણ ના આપી શકો
તો જે લડે છે..
લખે છે.બોલે છે.એમને સહયોગ આપો.
*6.અને એ પણ તમારા થી ના
થાય તો કોઇ નુ મનોબળના તોડો.
કેમ કે ક્યાંય ને ક્યાંય કોઇ
તમારા ભાગ ની લડાઇ લડી રહ્યા છે,
તમારા માં સમર્થન કરવાની ત્રેવડ
નથી તો તમને વિરોધ કરવાનો પણ
કોઈ અધિકાર નથી..

unity is our power



શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ આશ્રમ મેંદરડા/ખીરસરા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# ૨૬/૧૧ના આતંકી હુમલામાં સંડોવાયેલ તહવ્વુર રાણાનું ભારતમાં થશે પ્રત્યાર્પણ

## રાણાને ભારત લાવવાની પ્રક્રિયા રાજદ્વારી માધ્યમોથી ચાલુ

નવીદિલ્હી, તા. ૧

૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલામાં સામેલ પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન તહવ્વુર રાણાને ટૂંક સમયમાં જ ભારતને સોંપવામાં આવી શકે છે. રાણાને ભારત લાવવાની પ્રક્રિયા રાજદ્વારી માધ્યમોથી ચાલી રહી છે. તમને જણાવી દઈએ કે ઓગસ્ટ ૨૦૨૪માં યુએસ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સંધિ હેઠળ રાણાને ભારત પ્રત્યાર્પણ કરી શકાય છે. ત્યારથી બંને દેશો વચ્ચે બેક ચેનલ પર વાતચીત ચાલુ છે. ત્યારબાદ કોર્ટે રાણાની મુંબઈ આતંકવાદી હુમલામાં સંડોવણી બદલ ભારત પ્રત્યાર્પણનો વિરોધ કરતી અરજી ફગાવી દીધી હતી. અદાલતે જણાવ્યું હતું કે ભારતે રાણા વિરુદ્ધ પૂરતા પુરાવા રજૂ કર્યા છે જે સાબિત કરે છે કે પ્રત્યાર્પણનો આદેશ વાજબી હતો.

૨૬/૧૧ના હુમલાના સંબંધમાં મુંબઈ પોલીસે પોતાની ચાર્જશીટમાં રાણાનું નામ સામેલ કર્યું હતું. તેના પર પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસ ઈન્ટેલિજન્સ (ઈંજીંઈ) અને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના સક્રિય સભ્ય તરીકે કામ કરવાનો આરોપ છે. ચાર્જશીટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રાણાએ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ડેવિડ કોલમેન હેડલીને મદદ કરી હતી, જેણે હુમલા માટે મુંબઈમાં સ્થળોની તપાસ હાથ ધરી હતી. કોર્ટે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચેની પ્રત્યાર્પણ સંધિમાં નોન-બીઆઈએસ ઈન ઈડેમ અપવાદ છે. જ્યારે આરોપી પહેલાથી જ સમાન ગુનામાં દોષિત અથવા નિર્દોષ ઠર્યો હોય ત્યારે આ લાગુ થાય છે. જો કે, કોર્ટે એમ પણ કહ્યું હતું કે ભારતમાં રાણા પર લગાવવામાં આવેલા આરોપો યુએસ કોર્ટમાં તેની સામે ચલાવવામાં આવેલા કેસો કરતા અલગ છે, તેથી શમયળ અપવાદમાં બિન-બીઆઈએસ લાગુ પડતું નથી. ૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલાના લગભગ એક વર્ષ બાદ એફબીઆઈ દ્વારા શિકાગોમાં રાણાની ધરપકડ કરવામાં આવી હતી. રાણા અને તેના સાથી ડેવિડ કોલમેન હેડલીએ સાથે મળીને મુંબઈ હુમલા માટેના સ્થળોની તપાસ હાથ ધરી હતી અને પાકિસ્તાની આતંકવાદીઓ હુમલાને અંજામ આપવા માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરી હતી.

યુએસ સોલિસિટર જનરલ પ્રીલોગરે આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાની અરજી સાથે અસંમત હતા. તેમણે કહ્યું હતું કે સરકાર એવું માનતી નથી કે ભારત જે વર્તન પર પ્રત્યાર્પણ માંગે છે તે યુએસ સરકાર દ્વારા કાર્યવાહીના દાયરામાં હતું. બનાવટીના ભારતના આરોપો યુનાઈટેડ સ્ટેટ્સના આરોપો કરતા અલગ છે. ઈમિગ્રેશન લો સેન્ટરની બ્રાન્ચ ઑફિસ ખોલવા માટે રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયાને આપેલી અરજીમાં આરોપીએ ખોટી માહિતી આપી છે.





### ૬૦ કલાક સુધી મુંબઈ બન્યું હતું બંધક

વર્ષ ૨૦૦૮માં પાકિસ્તાનથી બોટમાં આવેલા ૧૦ લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓએ લગભગ ૬૦ કલાક સુધી મુંબઈને બંધક બનાવી રાખ્યું હતું. આ દરમિયાન આતંકવાદીઓએ ૧૬૦થી વધુ લોકોની હત્યા કરી હતી. જવાબી કાર્યવાહીમાં સુરક્ષા દળોએ નવ આતંકવાદીઓને ઘટનાસ્થળે જ ઠાર માર્યા હતા, જ્યારે એક આતંકવાદી અજમલ કસાબને જીવતો પકડવામાં આવ્યો હતો. જેને બાદમાં ફાંસી આપવામાં આવી હતી. મુંબઈ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોમાં ૨૬ વિદેશી નાગરિકો પણ સામેલ હતા.

### અમેરિકામાં ધરપકડ કરવામાં આવી હતી

મુંબઈમાં ઘાતક આતંકવાદી હુમલામાં તેની ભૂમિકા અંગે ભારતે તેના પ્રત્યાર્પણની વિનંતી કર્યા પછી રાણાની યુએસમાં ધરપકડ કરવામાં આવી હતી. ભારતની રાષ્ટ્રીય તપાસ એજન્સી (ગઇંઅ) ૨૦૦૮માં પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ૨૬/૧૧ના હુમલામાં રાણાની ભૂમિકાની તપાસ કરી રહી છે. ભારતે ૧૦ જૂન, ૨૦૨૦ ના રોજ ફરિયાદ દાખલ કરી હતી, જેમાં પ્રત્યાર્પણના દષ્ટિકોણથી ૬૨ વર્ષીય રાણાની અસ્થાયી ધરપકડની માંગ કરવામાં આવી હતી. બિડેન પ્રશાસને રાણાના ભારત પ્રત્યાર્પણને સમર્થન આપ્યું હતું.

# ૧૮૩ ભારતીય માછીમારો અને નાગરિક કેદીઓને પાકિસ્તાન કરે મુક્ત

## કસ્ટડીમાં ૩૮૧ નાગરિક કેદીઓ અને ૮૧ માછીમારોના નામ છે જેઓ પાકિસ્તાની છે અથવા પાકિસ્તાની હોવાનું માનવામાં આવે છે

નવીદિલ્હી, તા. ૧

ભારતે બુધવારે પાકિસ્તાનને વિનંતી કરી હતી કે તેઓ ૧૮૩ ભારતીય માછીમારો અને નાગરિક કેદીઓને તેમની જેલની સજા પૂરી કરીને તેમની મુક્તિ અને સ્વદેશ પરત મોકલે. વધુમાં, વિદેશ મંત્રાલયે પાકિસ્તાનને ૧૮ નાગરિક કેદીઓ અને પાકિસ્તાની કસ્ટડીમાં રહેલા માછીમારોને તાત્કાલિક કોન્સ્યુલર એક્સેસ પ્રદાન કરવા કહ્યું છે, જેઓ ભારતીય હોવાનું માનવામાં આવે છે. ભારતે બંને દેશો દ્વારા નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીના આદાનપ્રદાનના સંદર્ભમાં આ વિનંતી કરી હતી, જે ૨૦૦૮ના કરારના માળખા હેઠળ દરેક કેલેન્ડર વર્ષની ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈએ કરવાની પ્રથાનો એક ભાગ છે તેની કસ્ટડીમાં ૩૮૧ નાગરિક કેદીઓ અને ૮૧ માછીમારોના નામ છે જેઓ પાકિસ્તાની છે અથવા પાકિસ્તાની હોવાનું માનવામાં આવે છે ૪૯ નાગરિક કેદીઓ અને ૨૧૭ માછીમારોના નામ શેર કર્યા જે ભારતીય છે અથવા ભારતીય હોવાનું માનવામાં આવે છે. ભારત સરકારે પાકિસ્તાની કસ્ટડીમાંથી નાગરિક કેદીઓ, માછીમારો અને તેમની નૌકાઓ અને ગુમ થયેલા ભારતીય સંરક્ષણ કર્મચારીઓને વહેલા મુક્ત કરવા અને તેમને પરત મોકલવાની હાકલ કરી છે

પાકિસ્તાનને તેમની સજા પૂરી કરી ચૂકેલા ૧૮૩ ભારતીય માછીમારો અને નાગરિક કેદીઓને ઝડપી મુક્તિ અને પરત મોકલવાનું કહેવામાં આવ્યું છે. વધુમાં, પાકિસ્તાનને ૧૮ નાગરિક કેદીઓ અને માછીમારોને તાત્કાલિક કોન્સ્યુલર એક્સેસ પ્રદાન કરવા માટે કહેવામાં આવ્યું છે જેઓ પાકિસ્તાનની કસ્ટડીમાં ભારતીય હોવાનું માનવામાં આવે છે અને જેમને અત્યાર સુધી કોન્સ્યુલર એક્સેસ આપવામાં આવી નથી.

નવી દિલ્હીએ ખાસ કરીને ઈસ્લામાબાદને વિનંતી કરી કે તેઓ ભારતીય અને માછીમારો ગણાતા તમામ ભારતીય અને નાગરિક કેદીઓની સલામતી, સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરે, તેમની મુક્તિ અને ભારત પરત મોકલવામાં આવે ત્યાં સુધી.વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત એકબીજાના દેશમાં કેદીઓ અને માછીમારોને લગતા તમામ માનવતાવાદી કેસોને પ્રાથમિકતાના આધારે ઉકેલવા માટે પ્રતિબદ્ધ છે. આ સંદર્ભમાં, ભારતે પાકિસ્તાનને ૭૬ નાગરિક કેદીઓ અને માછીમારોની રાષ્ટ્રીયતાની ચકાસણી પ્રક્રિયા ઝડપી બનાવવા વિનંતી કરી છે, જેઓ ભારતીય કસ્ટડીમાં હોવાનું માનવામાં આવે છે, જેમની રાષ્ટ્રીયતાની પુષ્ટિની ગેરહાજરીમાં પાકિસ્તાનમાંથી સ્વદેશ પરત ફરવાનું બાકી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારના સતત પ્રયાસોના પરિણામે, ૨૦૧૪ થી અત્યાર સુધીમાં ૨,૬૩૯ ભારતીય માછીમારો અને ૭૧ ભારતીય નાગરિક કેદીઓને પાકિસ્તાનમાંથી પરત મોકલવામાં આવ્યા છે.

# દલ્લેવાલની આમરણાંત ઉપવાસ ત્યાગ કરવાની તૈયારી

## આજે પંજાબ સરકાર રજૂ કરશે રિપોર્ટ : મુખ્ય સચિવને સુનાવણીમાં હાજર રહેવા આદેશ

નવીદિલ્હી, તા. ૧

ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલના આમરણાંત ઉપવાસ હજુ પણ ચાલુ છે. મંગળવારે પંજાબ સરકારે ઉપવાસ તોડવા માટે સુપ્રીમ કોર્ટ પાસે બે દિવસનો સમય વધારવાની માંગ કરી હતી. સુપ્રીમ કોર્ટે આ માટે સંમતિ આપી હતી. સર્વોચ્ચ અદાલતે પંજાબ સરકારને દલ્લેવાલને યોગ્ય સારવાર આપવા અને તેમના ઉપવાસ તોડવાના પ્રયાસો કરવા જણાવ્યું હતું. જગજીત સિંહ દલ્લેવાલ ૨૬ નવેમ્બરથી ભૂખ હડતાળ પર છે અને સુપ્રીમ કોર્ટે તેમને હોસ્પિટલમાં દાખલ કરવાનો આદેશ આપ્યો છે. હવે આ મામલામાં આગામી સુનાવણી ૨ જાન્યુઆરીએ થશે અને કોર્ટે પંજાબ સરકારને તે દિવસે રિપોર્ટ રજૂ કરવા કહ્યું છે. આ સિવાય રાજ્યના ડીજીપી ગૌરવ યાદવ અને મુખ્ય સચિવને વ્યક્તિગત રીતે સુનાવણીમાં હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે.



જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ સૂર્યકાન્તની વેકેશન બેન્ચે કહ્યું, 'સંજોગોને ધ્યાનમાં રાખીને અને ન્યાયના હિતમાં અમે પંજાબ સરકારની બે દિવસના વધારાના સમયની માગણી સ્વીકારીએ છીએ.' પંજાબના અઉત્રૠ ગુરમિન્દર સિંહે કોર્ટમાં દલીલ કરી હતી કે પંજાબ સરકાર વતી વાટાઘાટકારો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ માટે ૭ હજાર સુરક્ષાકર્મીઓ સ્થળ પર તૈનાત કરવામાં આવ્યા હતા. આવું એટલા માટે થયું કારણ કે સોમવારે ખેડૂત સંગઠનો દ્વારા પંજાબ બંધનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પંજાબ સરકારે પણ ખેડૂતોના આંદોલનનો બોલ કેન્દ્ર સરકારની કોર્ટમાં ફેંક્યો છે. પંજાબના વકીલે કહ્યું, 'ખેડૂતો વતી તેઓએ કેન્દ્ર સરકારને પ્રસ્તાવ આપ્યો છે કે જો તેમને વાતચીત માટે આમંત્રણ આપવામાં આવે તો દલ્લેવાલ જરૂરી તબીબી સુવિધાઓ લેવા તૈયાર છે.

આ મામલે કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે તેઓ અત્યારે આ અંગે ટિપ્પણી કરવા માંગતા નથી.

જસ્ટિસ સૂર્યકાન્તે કહ્યું કે જો એવું કંઈક થાય જે તમામ પક્ષકારોને સ્વીકાર્ય હોય તો તે અમારા માટે ખુશીની વાત હશે. હાલમાં અમારી ચિંતા એ છે કે અમારા આદેશનો અમલ કેવી રીતે થશે. આ પહેલા ૨૮ ડિસેમ્બરે સર્વોચ્ચ અદાલતની બેન્ચે પંજાબના ડીજીપી અને મુખ્ય સચિવને ચેતવણી આપી હતી કે જો આદેશનો અમલ નહીં કરવામાં આવે તો તેમની સામે અવમાનનાની કાર્યવાહી કરવામાં આવશે. આપને જણાવી દઈએ કે ૨૬ નવેમ્બરથી જગજીત સિંહ દલ્લેવાલ ખનૌરી બોર્ડર પર આમરણાંત ઉપવાસ કરી રહ્યા છે.

મોહાલીના લાભ સિંહ વતી એક અવમાનની અરજી ૨૭ ડિસેમ્બરે કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી, જેના પર બેન્ચે પંજાબ સરકારને નોટિસ જારી કરી હતી અને કહ્યું હતું કે જો આદેશનો અમલ કરવામાં ન આવે તો તેની સામે અવમાનના પગલાં કેમ લેવામાં ન આવે. તેના પર પંજાબ સરકારના બે ટોચના અધિકારીઓએ કોર્ટમાં એફિડેવિટ આપીને સ્થિતિ શું છે તે સમજાવ્યું હતું. ખંડપીઠે આ અંગે અસહમતિ દર્શાવી હતી અને કહ્યું હતું કે આદેશનો અમલ થવો જોઈએ.

પરંતુ હજુ પણ દલ્લેવાલને હોસ્પિટલમાં લઈ જવામાં કોઈ સફળતા મળી નથી અને બેન્ચે ૨ જાન્યુઆરી એટલે કે ગુરુવાર સુધીનો સમય આપ્યો છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### જાગીને જોઉં તો જગત દીસે નહીં.. એમ મોહનિંદ્રા માંથી જાગ્યાં વગર બધું નકામું!



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે ૧/૧/૨૦૨૫ હતો, અને ઈસુની સાલ પ્રથમ દિવસે જ શરદીની દવાને કારણે નીંદર એવી આવી કે.. ચિંતનનો ક્રમ તૂટી ગયો! જોકે આજસુધી આવું થયું નથી! ગુરુવારે ચિંતનમાં નરસિંહ એટલે કે જાગૃતિની વાત કરીએ છીએ એટલે મોહ નિંદ્રામાંથી જાગવું પડશે, ત્યારે આપણે પ્રકૃતિ સાથેનું અનુસંધાન કેળવી શકીશું, અને તો જ જીવન હકારાત્મક બની શકે, લાખ દુ:ખો પડવા છતાં પ્રકૃતિ પોતાનું નિત્ય કર્મ ક્યારે ચૂકતી નથી. પરંતુ જીવ છે તે સંજોગો અને પરિસ્થિતિને નામે સદાય નીતિઓનું ઉલંઘન કરી અને ગમે તેમ વર્તે છે. જેથી કરીને વધુ ને વધુ પતન તરફ જઈ રહ્યો છે, અને આ બધામાં પ્રતિબંધ આવે તો જ જીવન હકારાત્મકતા તરફ જાય, આપણે આજે નરસિંહનું એવા જ એક પદ પર ચિંતન કરીશું.

**નરસિંહ મહેતા**

જાગીને જોઉં તો જગત દીસે નહીં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય-વિલાસ-તદ્દરૂપ છે,
બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે.

કવિ અહીં,તમસ રાત્રીમાં જીવ જે મોહ નિદ્રા કરી રહ્યો છે, તેમાંથી જાગવાની વાત કરે છે. એટલે કે મોહ અને મમતાને કારણે પોતાનું જીવન જે સ્વના વર્તુળમાં ફરે રાખે છે, તેમાંથી બહાર નીકળી અને અન્ય તરફ દષ્ટિ કરે તો કહેવાતું જગત એટલે કે હું અને મારો પરિવાર એ ક્યાંય દેખાતું નથી, અને કણ કણમાં ચૈતન્યના દર્શન થાય છે, એટલે કે પરમ કૃપાળુ પરમાત્માના વિલાસથી આ સૃષ્ટિનું સર્જન થયું છે, અને એક એક ક્ષણમાં તે બિરાજમાન છે. તેની પ્રતીતિ થાય છે. બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, એટલે કે પ્રકૃતિના એક એક અંગ માં જો પરમાત્મા બિરાજમાન હોય, તો બંને સાપેક્ષ રીતે એકબીજા સામે પોતાનું કર્તવ્ય કર્મ કરીને આનંદ પ્રાપ્ત કરે છે. શક્ય છે કવિની કક્ષા એ સમયે કંઈક અલગ રહી હશે, અને તેમને આંબાની કેરીમાં પણ એ જ ઈશ્વર દેખાયો હશે, અને બાવળના કાંટામાં પણ એ જ કદાચિત. ગાયનું વાછરડું, અને કુતરા બિલાડાનું બચ્ચું બંનેમાં પણ તેને એ જ પરબ્રહ્મ દેખાયો હોઈ શકે, જ્યારે આપણી માનસિકતા આજે તેને તે સ્વરૂપે પણ જોવાની રહી નથી. એટલે કે ગાય કુતરાના બચ્ચા આપણા વાહનોની હડફેટે આવે, તોપણ ગાડી રોકવાનું સૌજન્ય પણ હવે બહું થતું નથી, કારણકે ત્યાં મારાપણાનો ભાવ નથી. પરંતુ નરસિંહ નરસિંહ છે, તેને તો સાક્ષાત ઈશ્વરની સતત હાજરી છે, એટલે દરેકે દરેકમાં તે એનાં મુરલી મનોહરના દર્શન કરી શકે છે.

પંચ મહાભૂત પરિબ્રહ્મથી ઉપજ્યાં,
અણુ અણુ માંહી રહ્યા રે વળગી;
ફૂલ અને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,
થડ થકી ડાળ નવ હોય અળગી.

પ્રકૃતિના રહસ્યનો તાગ મેળવવા કવિ લખે છે, કે પંચમહાભૂતની આ પ્રકૃતિમાં અને અણું અણુંમાં એ પરમતત્વનો વાસ છે. હવા સતત તેની હાજરીનો સંસર્ગ કરાવે છે, પાણી તેની નિર્મળતાનો સંદેશ આપે છે, પૃથ્વી દરેકે દરેક જીવોમાં ભેદભાવ કર્યા વગર એ જ સ્થિરતાથી તેને અંતરમાં ધારણ કરે છે. સૂર્ય ચંદ્ર રૂપે અગ્નિ ત્યા ધવલ પ્રકાશ આપે છે, અને આકાશ પોતાની છત્રછાયામાં સદા સૌને હેમખેમ રાખે છે. આ પાંચે પાંચ પંચમહાભૂત પોતાનું અસ્તિત્વ પરબ્રહ્મથી જ છે, અને પોતાના અણુએ અણુમાં તેનો નિશ્ચિત રૂપે વાસ છે, તે સત્યને જાણે છે અને તેને જ વળગી રહે છે, માટે પ્રકૃતિ ક્યારેય સ્વનું વિચારતી નથી. જેમ ફળ અને ફૂલ જે તે વૃક્ષના જ હોય છે, એટલે કે આંબામાં કેરી હોય તો એ આંબાની જ હોય, અને ગુલાબના છોડમાં ફૂલ હોય તો, એ ગુલાબના છોડનું જ ફૂલ છે. તે રીતે આપણે સૌ પણ એ પરમ કૃપાળુ પરમાત્માના સંતાન છીએ, એ સત્ય આપણા જીવનનું સૌથી પ્રથમ અને અંતિમ સત્ય બની રહે, તો જીવનના સુખદુ:ખને આપણા હિત માટે જ છે, એવું આપણે વિચારી શકીએ. કારણ કે મા-બાપ છે, તે પોતાના સંતાનની પ્રગતિ માટે ક્યારેક કઠીન તો ક્યારેક કોમલ કૃપા કરતા હોય છે,એનો મતલબ એ છે, કે વૃક્ષ એ પોતાની ડાળને અળગી રાખી શકતો નથી. એટલે કે ડાળનું અસ્તિત્વ સતત ઝાડ સાથે જોડાયેલું હોય છે, એમ આપણે પણ તેની સાથે જોડાયેલા છીએ, પછી જે કંઇ થાય તે મારા હિત માટે જ થાય છે એવું વિચારી શકાય.

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ સાખ દે : કનકકુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે.

વેદ તો કહે જ છે કે તેની શ્રુતિ એટલી જ પરમાત્માની સ્મૃતિ જો બનાવી રાખીએ, તો આ જડ અને ચેતનનો ભેદ પણ નગણ્ય લાગે, એટલે કે આ સારું ને આ ખરાબ એવો ભેદ ન રહે. કારણ કે સોનુ સૌને પ્રિય હોય, અને એ જ રીતે લોઢું સૌ ત્યજી દે તો,પરમ કૃપાળુ પરમાત્માએ બનાવેલી આ પ્રકૃતિનો પૂર્ણ આનંદ લઇ શકતા નથી. એટલે કે કમળ અને ગુલાબ, મોગરો, જેવા આકર્ષક પુષ્પ પસંદ આવે. પરંતુ બારમાસીનું કોઈ મૂલ્ય નહીં એવું ન્હોય, અહીં દરેકે દરેક પ્રાકૃતિક તત્વો આપણને જ્યારે પૂર્ણતઃ પ્રસન્નતા આપે, ત્યારે જ આપણે એ સત્યને સમજી શકીએ. ઈશ્વર તત્વ તો સર્વમાં એ રીતે જ વ્યાપ્ત છે, પછી તે પ્રકૃતિનું ગમે તે અંગ હોય ખાલી તેના ઘાટ જુદા છે,અંતે તો હેમનું હેમ હોયે, એટલે કે મૂળ તત્વ તો એ જ પરબ્રહ્મ છે, એ સત્ય સમજીને જીવનમાં દરેકનો સ્વીકાર કરીએ, દરેકને પ્રેમ કરીએ, તો જ એ પરમ કૃપાળુ પરમાત્માએ બનાવેલી પ્રકૃતિનો પૂર્ણતઃ આનંદ લઇ શકીએ.

જીવને શિવ તે આપ-ઈચ્છાએ થયો,
ચૌદ લોક રચી જેણે ભેદ કીધા;
ભણે નરસૈંયો 'એ તે જ તું', 'એ તે જ તું',
એને સમર્યાથી કંઈ સંત સીધ્યા.

જીવનું અવતરણ પૃથ્વી પર માત્ર ને માત્ર શિવની ઈચ્છાથી જ થયું છે. એણેજ ચૌદ બ્રહ્માંડની રચના કરી, અને જીવ અને શિવ એમ બે અલગ રૂપ કરીને ભેદ કર્યા છે, કારણ કે શિવની ઈચ્છા હતી, કે મેં બનાવેલી આ સૃષ્ટિનો કોઈ ઉપભોગ કરે. એટલે કે પ્રકૃતિને કોઈ માણે. નરસૈંયો સંતના સાનિધ્યથી કે પછી પોતાના સદગુરુની કૃપાથી એક એક પ્રાકૃતિક તત્વમાં તેના દર્શન કરી, એ જ તું! એ જ તું! એમ પરમાત્માને પોકારે છે, અને એના સ્મરણથી જ નિત્ય આનંદ પ્રાપ્ત કરે છે.

જીવનમાં કોઈ અજાણી દિશાએ જવાનું હોય, તો આપણે સામાન્ય રીતે તેની જાણકારી પ્રાપ્ત કરીએ છીએ, અને તે પણ, તે જગ્યાએ જઈ આવેલા હોય, તેની પાસેથી તે પ્રદેશ કે ક્ષેત્ર વિશે પૂરી જાણકારી પ્રાપ્ત કરીને આપણે જતા હોઈએ છીએ. દાખલા તરીકે ત્યાં ઠંડી, ગરમી, કેવી છે, ત્યાં આગળ ખોરાક કઈ રીતનો મળે છે, અને ત્યાં આગળ જવું એ સારી વાત છે, કે ખતરો છે. આ બધી જ તપાસ કરીને આપણે ત્યાં જતાં હોઈએ છીએ. તો પરબ્રહ્મ કે પરમાત્માને આપણે જોવા જાણવા માટે પણ, આ રીતે એ તત્વને નજીકથી જેમણે જોયા છે એવા કોઈ સદગુરુના કહ્યા મુજબ ડગ ભરીએ, તો તે દિશામાં ઝડપથી આગળ વધી શકાય છે, અને સત્ય, આનંદ ઝડપથી પ્રાપ્ત કરી શકાય છે. નરસૈંયા એ તો શ્રીકૃષ્ણ રૂપી પરમ કૃપાળુ પરમાત્માને નજીકથી ઓળખ્યો છે, અથવા તો શ્રીકૃષ્ણની તેની પર ખૂબ મહેર છે, અને તેના તમામ કાર્યો તેણે કર્યા છે, તો એવી જાગૃતિ ભરી દ્રષ્ટિથી આપણે પરમાત્માને જોવા જાણવા અને માણવા માટે નીકળીએ, તો પરબ્રહ્મ આપણને ઝડપથી મળી શકે.તો જાગીશું અને જાગતા રહીશું, તો ક્યારેક ને ક્યારેક પરબ્રહ્મને પામી શકીશું, અથવા તો માણી શકીશું, અને સૌ કોઈ આ પરબ્રહ્મને નરસૈયાની જેમ માણી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.


**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### ઢગાએ મોહજાળમાં ફસાવી લગ્ન કરશે તેવું કહ્યું, પણ સ્વાર્થ પુરો થઇ જતાં મોઢુ ફેરવી લીધું

# લવ, સેક્સ ઔર ધોખાઃ સગીરા સાથે દૂષ્કર્મ આચરી તરછોડી દેવાઈ

### બીજી ઘટનામાં મૈત્રીકરાર પુરા કરી માતા-પિતા સાથે રહેવા ગયેલી યુવતિને ધરારપ્રેમીએ કરી બ્લેકમેઈલઃ પરિવારને પતાવી દેવાની ધમકી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧**

સગીરાઓ, બાળાઓ, યુવતિઓને મિત્રતા અને પ્રેમજાળમાંફસાવી દૂષ્કર્મ આચરવાના કિસ્સા રોજીંદા થઇ ગયા છે. વધુ એક બનાવમાં સોળ વર્ષની બાળાને એક ઢગાએ ફસાવી બળાત્કાર ગુજારી લીધુ હતું. લગ્નનલ લાલચ આપી આ સગીરાને ફસાવી લેવાઇ હતી. પોલીસે પકો્સો હેઠળ કાર્યવાહી રી આરોપીને ઝડપી લેવાની કાર્યવાહી કરી હતી. બીજા એક બનામવા.મૈત્રી કરાર બાદ પ્રેમીને છોડીને માતા પિતા સાથે રહેવા ગયેલી યુવતિને ધરાર પ્રેમીએ બ્લેકમેઇલ કરી મારી નાખવાની ધમકી આપી હતી. એટલુ જ નહિ આ યુવતિના માતા-પિતાને પણ આ શખ્સે ધમકાવ્યા હતાં. લવ સેક્સ ઔર ધોખા જેવી આ ઘટનામાં દૂષ્કર્મ આચરી લીધા બાદ હવસખોરે સગીરાને કહી દીધુ હતું કે હવે મારે લગ્ન નથી કરવા. છેતરાયેલી આ સગીરા અંતે પોલીસ પાસે પહોંચી હતી.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ખોખરામાં ત્યકતા મહિલા સિંગરની સોળ વર્ષીય સગીર પુત્રી સાથે પાડોશમાં રહેતા યુવકે પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્નની લાલચ આપીને બે વખત દુષ્કર્મ આચર્યુ હતું. આ અંગે સગીરાની માતાએ યુવક સામે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. એકલતાનો લાભ લઇને બે વખત કૂકર્મ કરી યુવકે લગ્ન કરવાની ના પાડીને સંબંધ તોડી નાખ્યો ખોખરા પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. ખોખરામાં રહેતી ચાલીસ વર્ષની ત્યક્તા મહિલાએ ખોખરા પોલીસ સ્ટેશનમાં પડોશમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી છે કે તેમની સોળ વર્ષીય સગીરા અભ્યાસ કરે છે અને ફરિયાદી મહિલા સિંગર છે. પડોશમાં રહેતો યુવક અવાર નવાર તેમના ઘરે આવતો હતો જેથી દોઢ વર્ષ અગાઉ બન્ને વચ્ચે પ્રેમસંબંધ શરૂ થયો હતો. સગીરાને પ્રેમ જાળમાં ફસાવીને લગ્નની



લાલચ આપી હતી એટલું જ નહી યુવક અવાર નવાર ફરવા પણ જતા હતા.

વધુ માહિતી અનુસાર દસ દિવસ પહેલા સાંજે ફરિયાદી મહિલા પ્રોગ્રામમાં ગયા હતા. ત્યારે એકલતાનો લાભ લઈને યુવક સગીરાના ઘરે આવી પહોંચ્યો અને સગીરાને લગ્ન કરવાની લાલચ આપીને તેની સાથે બે વખત દુષ્કર્મ આચર્યા બાદ સગીરા સાથે બોલવાનું ઓછુ કરી દેતા બન્ને વચ્ચે તકરાર થઇ હતી જેને લઇને યુવકે સગીરા સાથેના તમામ સંબંધ તોડી નાંખ્યા અને લગ્ન કરવાથી ઈન્કાર કરી દેતા સગીરાએ માતાને આ હકીકતની જાણ હતી. આ અંગે સગીરાની માતાએ યુવક સામે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા કિસ્સામાં જામનગરના ગુલાબ નગર નજીક ક્રિષ્ના પાર્ક વિસ્તારમાં રહેતી ત્રેવીસ વર્ષી ય યુવતીને મૈત્રી કરાર કરવા ભારે પડ્યા છે. જામનગર તાલુકાના શાપર ગામમાં રહેતા રાજેશ હાથીયા સાથે અગાઉ મૈત્રી કરાર કર્યા હતા, અને તેણીની સાથે જ રહેતી હતી. પરંતુ બંને વચ્ચે મન દુઃખ થતાં યુવતી પોતાના -મીને છોડીને ફરીથી પોતાના માતા-પિતાને ઘેર ગુલાબ નગર વિસ્તારમાં રહેવા આવી ગઈ હતી. જેથીપ્રેમી યુવાન ઉશ્કેરાયો રહ્યો હતો અને પોતાની પૂર્વ પ્રેમિકાને ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરીને ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. સાથો સાથ તું પરત નહીં આવે તો હું ઝેરી દવા પીને મરી જઈશ તે રીતે ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરવાના પ્રયાસો કર્યા હતા. તેમ છતાં પણ પ્રેમિકાએ તેની સાથે રહેવા જવા માટે સમર્થન નહીં આપતાં પ્રેમી યુવાન વધુ ઉશ્કેરાયો હતો.

તેમજ જો તું મારી સાથે મારા ઘરે રહેવા માટે નહીં આવતો હું તને બીજે ક્યાંય પરણવા દઈશ નહીં, ઉપરાંત તને અને તારા પિતાને જીવતા નહીં રહેવા દઉં, અને પતાવી નાખીશ તેવી ધમકી ઉચ્ચારી હતી.

આખરે આ મામલો પોલીસ મથકમાં લઈ જવાયો હતો. યુવતી દ્વારા જામનગરના સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં પોતાના પ્રેમી રાજેશ હાથીયા સામે ધાકધમકી અંગેની ફરિયાદ નોંધાવતાં ગુલાબ નગર પોલીસ ચોકીના પીએસઆઇ ડી. જી. રાજ તેમજ એએસઆઇ વી. ડી. રાવલીયા વગેરેએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# પાંચ વર્ષમાં ૩૫ હજારથી વધુ શાળાઓનું એક્રેડિએશન

### રાજ્યમાં ગુણોત્સવ ૨.૦નો રાજ્યવ્યાપી પ્રારંભ : યોજશે કુલ ૪ તબ્બકામાં



રાજકોટ, તા. ૧

વિકસીત રાષ્ટ્રના નિર્માણના પાયામાં શિક્ષણ રહેલું છે. શિક્ષિત રાજ્ય થકી જ વિકસિત દેશની વિભાવના સાર્થક થશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી તેમજ ગુણોત્સવ જેવા શિક્ષણલક્ષી કાર્યક્રમો થકી શિક્ષિત રાજ્ય બનવાની નેમ શરૂ કરી હતી. જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નવા દિશા અને વિચારો સાથે આગળ ધપાવી રહ્યા છે.

વર્ષ ૨૦૦૯થી ચાલતા ગુણોત્સવમાં શિક્ષણમાં બદલાતા પ્રવાહોનો સમાવેશ કરી વર્ષ ૨૦૧૯થી ગુણોત્સવ ૨.૦ એટલે કે સ્કૂલ એક્રેડિટેશનનું નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓમાં એક્રેડિટેશન કરવામાં આવ્યું છે. જેના થકી શિક્ષણના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર શૈક્ષણિક ગુણવત્તામાં અભિવૃદ્ધિ માટે નિરંતર પ્રયત્નો કરી રહ્યા છે. રાજ્યમાં આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે જેમાં પ્રથમ અને બીજા સોપાનની કામગીરી ૩૦ ડિસેમ્બર ૨૦૨૪થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજાશે. જેમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને આવરી લેવાશે. સાથે જ આશ્રમશાળાઓમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવશે. ગુણોત્સવ ૨.૦ માટે પ્રાથમિક અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની માર્ગદર્શિકા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (ગ્ઝ્રઈઇ્) દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં કુલ ચાર ક્ષેત્રમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા હાથ ધરાશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ સ્કૂલ એક્રેડિટેશનના ત્રીજા સોપાનમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં હાજરી, સામયિક કસોટી, સત્રાંત કસોટી, પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા, બોર્ડની પરીક્ષા, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (ઈઉઝ), મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (ઈગ્ઘ્બજ) જેવી નવી બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે, ચોથા સોપાનમાં રાજ્યમાં સ્કૂલ એક્રેડિટેશન થયેલ શાળાઓ પૈકીની મહત્તમ ૩૩ ટકા સુધીની શાળાઓનું વેરિફાયર્સ (સ્કૂલ ઇન્સ્પેક્ટર્સ) દ્વારા ક્રોસ વેરિફિકેશન બાદ શાળાઓના રિપોર્ટ કાર્ડ પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ઉપરાંત જિલ્લાના આચાર્યો, મુખ્ય શિક્ષકો તેમજ સી.આર.સી કોઓર્ડીનેટરને સ્કૂલ અક્રેડીટેશન ફ્રેમ વર્ક સંબંધે જરૂરી માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા શુભાશયથી ઉઈઊંજાંઅ ક્ઞાફિંહ પર ઓનલાઇન કોર્સિસ પણ મુકવામાં આવ્યા છે, જે રાજ્યના તમામ શિક્ષકોને સમયસર અને ઝડપી માર્ગદર્શન આપવામાં મદદરૂપ સાબિત થશે.

# ૨૦૨૫માં વિવિધ ઐતિહાસિક જન્મોત્સવની થશે ઉજવણી

### CM અધ્યક્ષસ્થાને સ્ટીયરીંગ કમિટીની પ્રથમ બેઠકમાં લેવાયો નિર્ણય

### સમગ્ર રાજ્યમાં ચાર મહત્વપૂર્ણ મહોત્સવ જનભાગીદારીથી યોજાશે

રાજકોટ, તા. ૧

સમગ્ર ગુજરાતમાં ૨૦૨૫ના વર્ષમાં ઐતિહાસિક જન્મોત્સવ કાર્યક્રમની વિવિધ ઉજવણી જનભાગીદારી સાથે ભવ્ય રીતે થવાની છે. આ ઉજવણીમાં ખાસ કરીને ભારતીય બંધારણના શાશ્વત પણા સાથે રાષ્ટ્ર નેતાઓના આદર્શો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને જન માનસમાં સર્જનાત્મક રીતે ઉજાગર કરવાનાં કાર્યક્રમો યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આ હેતુસર રચવામાં આવેલી સ્ટીયરીંગ કમિટીની મળેલી પ્રથમ બેઠકમાં આ કાર્યક્રમોની શાનદાર ઉજવણી માટેના આયોજનની વિશદ ભૂમિકા પ્રસ્તુત કરવામાં આવી હતી.વર્ષ ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ નિમિત્તે ગુજરાતભરમાં સંવિધાનના અમૃત મહોત્સવની ઉજવણી કરાશે. સાથે જ, કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે.

આ ઉપરાંત એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝન સાથે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની તેમજ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીના ૧૦૦માં જયંતી વર્ષની પણ ભવ્ય



ઉજવણી થશે. સાથે જ, ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે ગુજરાતમાં વર્ષ ૨૦૨૫ને જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવાશે.

આ બધા જ ઉજવણી કાર્યક્રમોને વધુ લોકભોગ્ય અને પ્રજા સહભાગીતા પ્રેરિત બનાવવા વિવિધ સ્પર્ધાઓ, વ્યાખ્યાનમાળાઓ, ટ્રાઇબલ હેરિટેજને પ્રોત્સાહિત કરતા જનજાતિ ગૌરવ મેળાઓ વગેરેના સમયબદ્ધ આયોજનની વિગતવાર પ્રસ્તુતિ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓ સમક્ષ આ બેઠકમાં કરવામાં આવી હતી.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી કાર્યક્રમના નોડલ વિભાગ તરીકે ગૃહ વિભાગ જવાબદારી સંભાળશે. તો સાથોસાથ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ-જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી કાર્યક્રમની વિસ્તૃત મહિતી આદિજાતિ વિકાસ કમિશ્નર ગુલાટી દ્વારા આપવામાં આવી હતી. એટલું જ નહીં અટલ બિહારી વાજપાઈના ૧૦૦મા જન્મજયંતિ કાર્યક્રમ રાજય સરકારના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા કરવામાં આવશે.

### રાજકોટમાં વ્હોરા વેપારીના ઘરમાં લાખોની ચોરી પછી, જામનગરમાં પણ વ્હોરા વેપારીનું ઘર બન્યું નિશાાન

# દવા વેંચવાના બહાને લૂંટારૂ ત્રાટક્યાઃ મહિલાને માર મારી લાખોની લૂંટ

### જામનગર પોલીસે બે લૂંટારાને પોરબંદરથી દબોચી લીધાઃ ૧૪ લાખની મત્તા લૂંટી ગયા હતાં

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩૧**

ચોરી, લૂંટની સતત વધી રહેલી ઘટનાઓમાં વધુ એક ઉમેરો થયો છે. ગઇકાલે જ રાજકોટમાં વ્હોરા વેપારીના ઘરમાંથી તેર લાખથી વધુની ચોરીની ઘટના જાહેર થઇ હતી. ત્યાં હવે જામનગરમાં એક બંગલામાં આયુર્વેદિક દવા વેંચવાના બહાને આવેલા લૂંટારૂઓ કારખાનેદારના બંગલામાં મહિલા સભ્યને મોઢે ડુચો દઇ મારકુટ કરી તેમજ .પરના માળે પુત્રવધુ અને પૌત્રને છરી બતાવી ડરાવી ચૌદ લાખની લૂંટ કરી જતાં સનસનાટી મચી ગઇ છે.

રાજ્યભરમાં ચોર, લૂટારા ઉપાડો લઇને ઉઠ્યા છે તેનો વધુ એક પુરાવો આપતી ઘટના સામે આવી છે. જામનગરની તારમામદ સોસાયટી વિસ્તારમાં રહેતા કારખાનેદારના બંગલામાં આયુર્વેદિક દવા આપવાના બહાને બે લુટારુઓ ઘુસ્યા હતા અને પ્રૌઢ મહિલાને મુંઢ મારમારી મોઢે ડુચો દઇ ઘરમાંથી એક લાખની રોકડ રકમ અને સોનુ વગેરે સહિત રૂપિયા ચૌદ ૧૪ લાખની માલમતાની લૂંટ ચલાવી ગયા હતા. ઉપરના માળે રહેલાપ્રૌઢ મહિલાના પુત્ર વધુ તેમજ પૌત્ર ને છરીની અણીએ ધમકી આપી મારકુટ કરી હતી, જેમાં ત્રણ વર્ષનો બાળક લોહી લુહાણ બન્યો હતો. બનાવની જાણ થતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી નાકાબંધી કર્યા બાદ બે લૂંટારૂઓને પોરબંદર પંથકમાંથી ઝડપી લેવામાં સફળતા મળી હતી. આ ઘટનામાં પણ રાજકોટની જેમ દાઉદી વ્હોરા પરિવાર ભોગ બન્યો છે.

ચકચારી એવી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ જામનગરમાં તારમામદ સોસાયટી વિસ્તારમાં રહેતા અને બ્રાસપાર્ટનું કારખાનું ચલાવતા મુસ્તફાભાઈ નુરુદ્દીનભાઈ અતરિયા દાઉદી વ્હોરા કે જેઓ પોતાના કામસર બહાર ગામ ગયા હતા. ત્યારે તેમના પુત્ર અબ્બાસ ભાઈ મુસ્તફા કે જેઓ બ્રાસપાર્ટના કારખાને ગયા હતા. દરમિયાન બપોરે સવા બારના અરસામાં તેઓના બંગલામાં બે અજાણ્યા શખ્સો આયુર્વેદિક દવા આપવાના બહાને ઘૂસ્યા હતા, અને ઘરમાં હાજર રહેલા અઠાવન વર્ષના મુસ્તફાભાઈના પત્નિ



અઠાવન વર્ષિય ફરીદાબેન સાથે વાતચીત કર્યા પછી તેઓના મોઢામાં કપડું ભરાવી દઇ, હાથ પગ દોરીથી બાંધી દઇ માર મારી ઘરમાં લૂંટ ચલાવી હતી.

આ ઉપરાંત ફરીદાબેનનું ગળું દબાવવાનો પ્રયાસ કરી તેમની પાસેથી તિજોરીની ચાવી માંગી લીધી હતી. તથા નાના પર્સમાં રાખી હતી તે ચાવી શોધી કાઢીને તિજોરીમાંથી એક લાખ રૃપિયાની રોકડ રકમ તેમજ સોનાનું બીસ્કીટ અને અન્ય નાના-મોટા સોના ના ઘરેણાંઓ વગેરે સહિત ૧૪ લાખની લૂંટ ચલાવી હતી. એક લૂંટારો પ્રૌઢ મહિલા ને પકડીને ઉભો હતો, જ્યારે બીજો લૂંટારો તિજોરીમાંથી લુંટ ચલાવતો હતો. ત્યારબાદ ઉપરના માળે બન્નેલૂંટારુઓએ તપાસ કરતાં ફરીદાબેન ના પુત્રવધુ બત્રીસ વર્ષના ફાતેમાબેન પોતાના પુત્ર ત્રણ વર્ષના બુરહાન સાથે હતા. તે બંનેને પણ છરીની અણીએ ધમકી આપી મોઢે ડૂચા દઈ દીધા હતા.અને મારફૂટ કરી હતી. જેમાં ત્રણ વર્ષના બાળકને લોહી નીકળવા લાગ્યું હતું.

ત્યારબાદ બંને લૂંટારૂઓ ભાગી છૂટયા હતા. બાદમાં પુત્રવધુ ફાતેમાબેને તેમના પતિ અબ્બાસ ભાઈને જાણ કરી હતી. બાદમાં પોલીસને જાણ કરાઇ હતી. આ બારામાં સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં આ બનાવ અંગે ફરીદાબેને જાણ કરતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. અને જુદા જુદા સીસીટીવી કેમેરાઓની મદદથી ચોતરફ નાકાબંધી કરીને શોધખોળ શરૂ કરી હતી.

જેમાં પોલીસને ધ્યાનમાં આવ્યું હતું, કે બે લૂંટારૂઓ બાઈકમાં આવીને લૂંટની ઘટનાને અંજામ આપીને પોરબંદર તરફ ભાગ્યા છે, જેથી જામનગરના અસપી પ્રેમસુખ ડેલુ તેમજ ડીવાયએસપી જે.એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસની એક ટુકડીએ તપાસનો દોર પોરબંદર સુધી લંબાવ્યો હતો, અને બે લૂંટારૂની અટકાયત કરી લઈ જામનગર લઈ આવ્યા હતા અને ગણતરીના કલાકોમાં લૂંટના બનાવનો ભેદ ઉકેલી નાખ્યો હતો. જે બંને આરોપીઓની હાલ વધુ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

રાજકોટની માધાપર ચોકડી પાસે વ્હોરા સોસાયટીમાં વ્હોરા વેપારીના ઘરમાં થયેલી સાડા તેર લાખની ચોરી પછી જામનગરમાં પણ વ્હોરા વેપારીનું ઘર લૂંટારૂનું નિશાન બનતાં ચકચાર જાગી છે.

ગુરૂપ્રસાદ ચોકમાં રહેતાં ખેતી કરવા સાથે જમીન લે-વેંચનું કામ કરતાં યુવાને ભંડારીયાના જમીન પેટે ખેડુતોને ટોકન આપ્યુંઃ એ પછી જમીન બીજાને આપી દેવાઇ

# જમીનના સોદામાં અડધા કરોડની ઠગાઈઃ યુવાને પીધું ઝેર

## કટારીયા ચોકડી નજીક વખ ઘોળ્યુંઃ એ પહેલા સ્યુસાડ નોટ લખીઃ તેમાં છ જણાના નામઃ પોલીસે તપાસ આદરી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૧**

અલગ અલગ રીતે છેતરપીંડીના બનાવો સતત બનતા રહે છે. દરમિયાન એક કિસ્સામાં રાજકોટના એક યુવાન સાથે જમીનના સોદામાં છેતરપીંડી થતાં અને પોલીસને અરજી ફરિયાદ કરવા છતાં કોઇ કાર્યવાહી ન થતાં આ યુવાને ઝેર પી આપઘાતનો પ્રયાસ કર્યો છે. તેણે પોતાની સાથે ફ્રોડ કરનારા છ શખ્સોના નામ સ્યુસાઇડ નોટમાં લખ્યા હોઇ તેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. આ યુવાનને પહેલા સિવિલ હોસ્પિટલમાં અને બાદમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ છે. જમીનના સોદામાં યુવાને પચાસ લાખ રોકડા ટોકન પેટે દીધા બાદ આ જમીન બીજાને વેંચી દેવાયાનો આરોપ મુકાયો છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના ગુરૂપ્રસાદ ચોકમાં રહેતાં અને ખેતી કરવાની સાથે જમીન લે-વેંચનો ધંધો કરતાં બત્રીસ વર્ષના અશ્વિન વિનુભાઇ ધવા નામના યુવાને ગત સાંજે કટારીયા ચોકડી પાસે કરણ અર્જુન પાર્ટી પ્લોટ નજીક ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર હેઠળ છે. તેણે સ્યુસાઇડ નોટ લખી છે જેમાં તેણે પોતાની સાથે ભંડારીયા સર્વે નંબરની જમીનના સોદામાં અડધા કરોડની ઠગાઇ થઇ હોવાનો અને આ ઠગાઇમાં છ જણા સામેલ હોવાનો ઉલ્લેખ કરતાં પોલીસે ચિઠ્ઠી કબ્જે કરી તપાસ હાથ ધરી છે. આપઘાતનો પ્રયાસ કરતાં પુર્વે અશ્વિન ધવાએ ચિઠ્ઠીમાં લખ્યું છે કે મેં ૧૮-૮-૨૪ના રોજ ભંડારીયા સર્વે નંબરની જમીન ૨૨ એકર મુળ માલિક હિરજીભાઇ લક્ષમણભાઇ વનારીયા અને ગોરધનભાઇ લક્ષમણભાઇ વનારીયા તથા અશોકભાઇ વનારીયા પાસેથી લીધી છે.

તેણે આગળ ચિઠ્ઠીમાં લખ્યું છે કે આ માટે સોડીયા ગામે તેમના ઘરે જઇને મેં ૫૦ લાખ



રોકડા ટોકન પેટે આપેલલ છે. જે જગ્યાની કાચી ચિઠ્ઠી તથા મોબાઇલ પ્રુફ બધુ મારી પાસે હાલમાં છે. આ જગ્યામાં ૫૦ ટકાના ભાગીદાર ધાર્મિક ટીલાળા ઉર્ફ ધમો છે. ત્યારબાદ હું દસ્તાવેજ કરવાનો ટાઇમ આવતાં ખેડુત પાસે જતાં મને જાણવા મળેલ કે આ જગ્યા ચીટર ગેંગ દ્વારા બીજી વ્યક્તિ પાસેથી ટોકન લઇ આપી દેવાઇ છે. જેથી ખેડૂત દસ્તાવેજ કરવા માટે તૈયાર નથી. આ દસ્તાવેજ કરી આપવામાં આવતો ન હોવાથી હું દવા પી આત્મહત્યા કરુ છું. જે મને મરવા મજબુર કરે છે તેના નામ હું મારી જાતે લખીને સ્યુસાઇડ કરુ છું. આપ સાહેબ યોગ્ય તપાસ કરાવી ચીટર ગેંગને પકડજો. મેં કાળુભાઇ મુંધવાને ફોન કરી દસ્તાવેજ ન કરતા તેમ કહેતાં ત્યાંથી પણ મને ધમકી મળી હતી. તેમના દલાલે મારી નાખવાની ધમકી આપી હતી.

સ્યુસાઇડ નોટના અંતમાં અશ્વિન ધવાએ કાળુભાઇ મુંધવા, ધાર્મિક ટીલાળા, વિનુભાઇ પરમાર (વિરપર ભાડલા), પરષોત્તમ (કાળીપાટ), ખોડુભાઇ બાંભવા (ઠેબચડા) અને વિપુલ સુસરાના નામ તથા મોબાઇલ નંબર લખવામાં આવ્યા છે. અંતમાં લખાયું છે કે આ બધી વ્યક્તિઓના માનસિક ત્રાસ અને ધાકધમકીઓને કારણે હું આ પગલુ ભરુ છું. તા. ૩૦/૧૧/૨૪ના રોજ મેં કોટડા સાંગાણી પોલીસમાં પણ અરજી આપી હતી. પણ મને ત્યાંથી કોઇ અભિપ્રાય મળ્યો નથી. અશ્વિન ધવાને પ્રથમસિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ. ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ છે. આ મામલે સિવિલ હોસ્પિટલના સ્ટાફ દ્વારા તાલુકા પોલીસમાં નોંધ કરાવાઇ હતી. અશ્વિન ધવા બે ભાઇમાં નાના છે અને જમીનનો તથા ખેતીનો ધંધો કરે છે. તેના લગ્ન થઇ ગયા છે અને હાલમાં પત્નિ સગર્ભા છે. તેના પિતા પણ ખેતીની વ્યવસાય ધરાવે છે. પોલીસે આત્મહત્યાના પ્રયાસની આ ઘટના બારામાં વધુ તપાસ શરૂ કરી છે.

# બસ સ્ટેન્ડમાં જ સગર્ભા મહિલાની નોર્મલ પ્રસુતિ : પુત્રનો જન્મ

## રાજકોટ એસટીના કર્મચારીઓએ ચાદરો મંગાવી પ્રસુતા ગૃહ ઉભુ કર્યુંઃ માતા- શિશુ સ્વસ્થ



**રાજકોટ મીરર, તા.૧**

રાજકોટ એસ.ટી.બસપોર્ટમાં એક મહિલા મુસાફરને પ્રસૂતિની અસહ્ય -પીડા ઉપડતા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવાઈ હતી. અને ત્યા બસ સ્ટેન્ડમાં જ મહિલા મુસાફરને નોર્મલ પ્રસૂતિ થઇ હતી અને પુત્રને જન્મ આપ્યો હતો.

વિશેષ વિગત મુજબ રાજકોટ એસ.ટી બસ પોર્ટ ઢેબર રોડ પર માનવતાની મહેક પ્રસરી ઉઠી હતી. ગત મંગળવારે સાંજે સાત કલાકની આસપાસ આદિવાસી મહિલા જે લોધિકા તાલુકામાં ખેત મજૂરી કામ કરતા હોય તે પોતાના વતન છોટાઉદેપુર તરફ જતા હોય ત્યારે એસ.ટી બસ પોર્ટના એન્ટ્રી ગેટ થી પ્લેટફોર્મ તરફ જતા હતા ત્યારે સગર્ભા મહિલા ને પ્લેટફોર્મ નંબર ૨ પર એકા એક પેટમાં દુઃખાવો ઉપાડતા તુરંત મહિલાને ફરજ પરના એસ.ટી ના કોન્ટ્રાક્ટ બેઝ થી કામ કરતા મહિલા કામદારો દ્વારા મદદ મળી હતી ચાદરો મંગાવી કામ ચલાઉ પ્રસુતા ગૃહ ઊભું કરી મહિલા ને ડીલેવરી કરાવી હતી.

ત્યાંના કોઈ કર્મચારીએ ૧૦૮ બોલાવી તુરંત તેઓને રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સગર્ભા મહિલાને કે તેના બાળકને ભીડમાં કોઈ હાનિ ન પહોંચે એટલા માટે તે સમયે ઉપસ્થિત ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલા, ફરજ પરના સ્ટેન્ડ ઈન્ચાર્જ સુભાષભાઈ ચાવડા, ટ્રાફિક કંટ્રોલર સુરેશભાઈ દલસાણીયા, લાડાણીભાઈ એ વિસ્તારને કોર્ડન કરી એસ.ટી સ્ટાફ દ્વારા સમયસર મદદ મળી હતી.

૧૦૮ આવતા ઈન્જેક્શન આપતા નોર્મલ ડિલિવરી થયા બાદ જનાના હોસ્પિટલમાં મહિલા અને બાળક ને મોકલવામાં આવ્યા હતા. બાળક અને મહિલાની તબિયત હાલ એકદમ સ્વસ્થ છે.

# દુકાનની ગ્રિલ તોડી તસ્કરો ત્રાટકયાઃ૧.૨૬ લાખની ચોરી

## યુનિવર્સિટી રોડ પર આવેલ ત્રણ દુકાનમાં તસ્કરો હાથફેરો કરી નાસી છૂટયા





**રાજકોટ મીરર, તા.૧**

શહેરનાં યુનિવર્સિટી રોડ પર આવેલ ત્રણ દુકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ વૈન્ટી લેશનની ગ્રીલ તોડી દુકાનમાં પ્રવેશ કરી રૂ.૧.૨૬ લાખની ચોરી કરી નાસી છુટતા યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ફરીયાદી મીતભાઈ વિજયભાઈ કક્કડ (ઉ.વ.૩૩,

રહે.અક્ષરભવન શેરી નં.૧ પુષ્કરધામ સોસાયટી બ્લોક નં. ૧૪ યુનિવર્સિટી રોડ) એ ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે

છેલ્લા ૨૫ વર્ષથી જલારામ- ૪ રામકૃપા ડેરી સામે કકકડ બ્રધસ નામે કરીયાણાની દુકાન ચલાવે છે. ગત તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજ રાત્રીના આશરે દશેક વાગ્યાના અરસામા પોતે કકકડ બ્રધર્સ નામની કરીયાણાની દુકાન બંધ કરીને પોતે ઘરે ચાલ્યો ગયો હતો. બાદ ૧/૧ ના

સવારના આશરે નવેક વાગ્યે હુ મારા ઘરે હતો ત્યારે અમારી બાજુની દુકાનવાળા શ્રીનાથજી શોપીંગ સેંટરના માલીક વિપુલભાઈ માંકડીયાનો મને ફોન આવેલ અને જણાવેલ કે મારી દુકાનમાં રાત્રે ચોરીનો બનાવ બનેલો છે. તમે દુકાને આવીને તમારી દુકાનમા કોઈ ચોરી થયેલ છે કે કેમ તે જોઈ લો. બાદ પોતે પોતાની દુકાને પહોચતા વિપુલભાઈને મળતા તેઓ જણાવેલ કે મારી દુકાનના ઊપરના ભાગે આવેલ વૈન્ટી લેશન (છજ્જા)ની ગ્રીલ તુટેલી છે અને મારી દુકાનમા સામાન અસ્ત વ્યસ્ત પડેલો છે. અને ગલ્લામા રાખેલા આશરે રોકડા રૂ.૬,૦૦૦ ની ચોરી થયેલી છે. જેથી મે મારી દુકાન ખોલીને ચેક કરતા મારી દુકાનના ઊપર આવેલા વેંટેલેટર (છજજા)ની ગ્રીલ તુટેલી હતી.અને દુકાન અંદર સામાન વેર વીખેર પડેલો હતો. દુકાનના ગલ્લામા ચેક કરતા ગલ્લામાં રાખેલા આશરે રોકડા રૂ.૯૦,૦૦૦ ચોરી થયાં હતાં. તેવામાં બાજુની દુકાનવાળા વસંત સ્ટોર વાળા નીલભાઈ ગણાત્રાની

આવી જતાં તેને દુકાન ચેક કરતા તેની દુકાનમાંથી પણ

આશરે રોકડા રૂ.૩૦, ૦૦૦ ની ચોરી થઈ હોવાનું જણાવ્યું હતું.ત્રણેય દુકાનના કુલ રૂ.૧,૨૬,૦૦૦ ચોરી કરી તસ્કરો નાસી છૂટતા ફરિયાદ નોંધાવી હતી. યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

ગેલેક્સી સિનેમા પાછળ રહેતાં બોંતેર વર્ષના મંડપ સર્વિસના ધંધાર્થી સહિત ત્રણ ભાડુઓતો ફફડી ગયા

# દાણાપીઠમાં વકફ બોર્ડની મિલ્કતનો કબજો ટ્રસ્ટને સોંપવા આદેશ

## નવાબ મસ્જીદના ટ્રસ્ટી સહિતના શખ્સોએ તાળા તોડી સામાન બહાર મુકી દીધોઃ કબ્જો ખાલી કરવા ધમકી આપી’તી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૧**

શહેરમાં દાણાપીઠમાં આવેલી મસ્જીદની જગ્યાની દૂકાનના સિત્તેર વર્ષ જુના ભાડુઆતોને આ દૂકાનો ખાલી કરાવવા વકફ બોર્ડના નામે ધમકી આપી તાળા તોડી સામાન બહાર ફેંકી દેવામાં આવતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. આ બારામાં પોલીસે દુકાનના સાત દાયકા જુના ભાડુઆતની ફરિયાદ પરથી મસ્જીદના હાલના ટ્રસ્ટી અને ચાર અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. વકફના નામે આ પ્રકારની દાદાગીરીની ઘટનાને પગલે શહેરભરમાં ચકચાર જાગી છે. પોલીસે તુરંત કાર્યવાહી હાથ ધરી છે.

વિગતો પર નજર કરીએ તો દાણાપીઠમાં સિત્તેર વર્ષ જુની ભાડાની દુકાનમાં મંડપ સર્વિસ ધરાવતાં ગેલેક્સી સિનેમા પાછળ કિરણ સોસાયટીમાં રહેતાં વેપારીની દુકાન તથા તેની બાજુની ભાડાની દુકાનના તાળા નવાબ મસ્જીદના ટ્રસ્ટી તથા અજાણ્યા ચાર શખ્સોએ તોડી સામાન બહાર મુકી દઇ બાકીનો સામાન જાતે બહાર નહિ કાઢો તો અમે ફેંકી દઇશું તેમ કહી ધમકાવી વકફ બોર્ડે તમને જુના ભાડેથી આપેલી મસ્જીદની આ દુકાનો ખાલી કરવા હુકમ કર્યો છે, દુકાનનો કબ્જો તાત્કાલીક અમને સોંપવો પડશે તેમ કહી માથાકુટ કરતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસનો ધમધમાટ આદર્યો છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે ગેલેક્સી સિનેમા પાછળ કિરણ સોસાયટી બ્લોક નં. ૧૪-૧૮માં રહેતાં અને દાણાપીઠ મેઇન રોડ પર નવાબ મસ્જીદની બાજુમાં મંડપ સર્વિસની દુકાન ચલાવતાં બોંતેર વર્ષના વિરેન્દ્રભાઇ કલ્યાણજીભાઇ કોટેચની ફરિયાદ પરથી ફારૂક મુસાણી અને ચાર અજાણ્યા શખ્સો સામે બીએનએસની અલગ અલગ કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી છે.

વયોવૃધ્ધ વેપારી વિરેન્દ્રભાઇ કોટેચાએ પોતાની એફઆઇઆરં જણાવ્યું છે કે હું જે મંડપ સર્વિસની દુકાનમાં બેસુ છું તે નવાબ મસ્જીદ ટ્રસ્ટની ભાડાની દૂકાન છે, જેમાં સિત્તેર વર્ષ પહેલા મારા પિતાજીએ ભાડેથી દૂકાન રાખી મંડપ સર્વિસ ચાલુ કર્યુ હતું. હવે પચાસેક વર્ષથી હું આ દુકાને બેસુ છું. મારી



બાજુમાં અભિષેકભાઇ મહેશભાઇ આડઠકર અને હસમુખભાઇ ભાઇચંદભાઇ મહેતાની પણ દૂકાન છે. આ બંને દુકાન પણ મસ્જીદ ટ્રસ્ટની છે. તા. ૩૧/૧૨/૨૪ના મંગળવારે સાંજે હું દુકાનની સામે મારા ભત્રીજા કનૈયાલાલ રસિકલાલ કોટેચાની તેલ ખાંડની દુકાનની ઓટલી પર બેઠો હતો ત્યારે ચાર પાંચ માણસો આવ્યા હતાં.

આ શખ્સોએ મારી દુકાન તથા હસમુખભાઇ મહેતાની દુકાનના તાળા તોડી અંદર રાખેલો સામાન બહાર મુકવા લાગ્યા હતાં.

આથી હું ત્યાં ગયો હતો અને તાળા તોડી સામાન શા માટે બહાર મુકો છો? તેમ પુછતાં એક શખ્સે હું ફારૂક મુસાણી છું અને નવાબ મસ્જીદનો ટ્રસ્ટી છું, અમારી વકફ બોર્ડે આ અમારી મસ્જીદની દુકાનો તમને જુના ભાડેથી આપેલી છે તે ખાલી કરવાનો હુકમ કર્યો છે. જેથી મેં અભિષેકભાઇની દુકાન બંધ હોઇ તેને ફોન કરતાં તે પણ આવી ગયા હતાં. તેને પણ ફારૂક મુસાણીએ કહેલુ કે તમારી દુકાનનુ તાળુ ખોલી તમારો સામાન બહાર લઇ લો. જેથી અભિષેકભાઇએ તાળુ ખોલી પોતાનો ગેરેજનો સામાન બહાર લઇ લીધો હતો. બાદમાં મેં ફારૂકભાઇને કહેલુ કે તમે અમને દુકાન ખાલી કરવાની કોઇ વાત પણ કરી નથી, ઓચીંતા સીધા જ આ રીતે દૂકાન કેમ ખાલી કરાવો છો?

આ સાંભળી ફારૂક મુસાણીએ કહેલુ કે તાત્કાલીક દુકાન નો કબ્જો અમને સોંપી દો અને બાકીનો સામાન તમારી રીતે બહાર કાઢી લો નીહતર અમે તમારી દુકાનનો સામાન બહાર ફેંકી દઇશુ તેવી ધમકી આપી હતી.

ત્યારબાદ ફારૂકે અમને એક કાગળ બતાવ્યો હતો જે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ ગાંધીનગરનો તા. ૧૯/૧૨/૨૪ના લેટરપેડનો હતો. તે મને વંચાવીને કહેલુ કે દુકાનનો કબ્જો ખાલી કરી મસ્જીદને સોંપી દેજો. આ પછી મેં ૧૦૦ નંબરમાં ફોન કરતાં પોલીસ આવી હતી અને અમે ફરિયાદ નોંધાવી હતી. અમારી સિત્તેર વર્ષ જુની ભાડાની દુકાનના તાળા તોડી નવાબ મસ્જીદના ટ્રસ્ટી સહિતના શખ્સોએ અમારો સામાન ગેરકાયદેસર રીતે બહાર મુકી દીધો હતો અને બાકીનો સામાન અમે જાતે નહિ કાઢીએ તો પોતે ફેંકી દેશે તેવી ધમકી આપી હતી.

એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટના માર્ગદર્શનમાં પીએસઆઇ યુ. કે. બાંભણીયાએ ફરિયાદ દાખલ કરી વિશેષ તપાસ આગળ ધપાવી છે.

### રંગીલા રાજકોટમાં થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં પોલીસે પીવાની ના પાડી હતી છતાં અમુક સમજ્યા નહિ

# 'મધડો દારૂડો' ઢીંચી થર્ટી ફર્સ્ટની મજા માણવા નીકળેલા પચાસ પકડાયા

### પોલીસે સવારથી જ ચેકીંગ ચાલુ કરી દીધુ હતુંઃ ઠેકઠેકાણેથી નશાખોરો પકડાયાઃ મોટા ભાગના વાહન લઇને નીકળ્યા હતાંઃ છરી સાથે પાંચ અને દેશી દારૂ સાથે સાત પકડાઇ ગયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧**






રાજકોટઃ રંગીલા રાજકોટ શહેરમાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણી શાંતિપુર્વક થાય અને કાયદો વ્યવસ્થાનો ભંગ ન થાય તે માટે પોલીસે બંદોબસ્ત ગોઠવ્યો હતો. આ વચ્ચે પણ દારૂનો નશો કરીને નીકળી પડેલા પચાસ જેટલા પ્યાસીઓ ઝપટમાં આવી જતાં પોલીસે કાયદાનું ભાન કરાવી નશો ઉતારી નાંખ્યો હતો. ડ્રાઇવ અને ચેકીંગમાં પાંચ શખ્સો છરી સાથે અને સાત જેટલા દેશી દારૂ સાથે પણ પકડાયા હતાં.

રાજકોટવાસીઓ દ્વારા વીતી રહેલા વર્ષ ૨૦૨૪ને બાય-બાય કરી નવા વર્ષ-૨૦૨૫ને આવકારવા ઠેકઠેકાણે ઉજવણીના આયોજન કરાયા હતા. નવ જેટલા સ્થળોએ ડાન્સ-ડીજે-ડીનરના કોમર્શિયલ આયોજનો થયા હતાં. તો અનેક લોકોએ પરિવારજનો, મિત્રો સાથે પોતપોતાની રીતે શાંતિપુર્વક ઉજવણી કરી હતી. પોલીસે નશો નહિ કરવા ચેતવણી આપી હતી. છેતાં કેટલાક રહી શક્યા નહોતાં અને પીને નીકળી પડતાં ઝડપાઇ ગયા હતાં. આમમ તો અઠવાડીયા અગાઉથી જ દારૂડીયાઓને શોધી કાઢવા, દારૂની હેરફેર કરનારાઓને પકડી લેવા દરરોજ રાતે ડ્રાઇવ યોજવામાં આવી હતી. એકત્રીસમીની સવારથી જ પોલીસે ચેકીંગ શરૂ કરી દીધુ હતું. જેમાં બીજા દિવસની વહેલી સવાર સુધીમાં પચાસ શખ્સો ડમડમ હાલતમાં મળી આવ્યા હતાં. શહેરમાં ૩૧મી ડિસેમ્બરની ઉજવણી શાંતિથી થાય અને કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસે ગઇકાલ સવારથી જ ચેકીંગ, ડ્રાઇવની કામગીરી શરૂ કરી દીધી હતી. પોલીસની ચેતવણી વચ્ચે પણ નશાખોરો નીકળી પડ્યા હતાં અને પકડાયા હતાં.

દારૂનો નશો કરેલી હાલતમાં જે પકડાયા તેમાં એ-ડિવીજન પોલીસે રામનાથપરા ભવાનીનગર રોડ પરથી દારૂ પી બાઇક લઇ નીકળેલા બુધ્ધેસિંગ કાળુભા વડોદીયા, શાસ્ત્રી મેદાન પાસેથી નશો કરી રિક્ષામાં નીકળેલા અજય જેન્તીભાઇ ધંધાણીયા, બી-ડિવીઝન પોલીસે મોરબી રોડ જકાતનાકા પાસેથી દારૂ પી બાઇક પર નીકળેલા સુનિલ રમેશભાઇ બહુકીયા, બેડી ચોકડીએ નશો કરી રિક્ષા લઇ નીકળેલા મહેશ બાબુભાઇ સરવૈયાને પકડ્યા હતાં. જ્યારે કુવાડવા રોડ પોલીસે હડાળાના પાટીયેથી દારૂ પી એક્ટીવા પર નીકળેલા પ્રતાત જોતીસિંગ ઉઈકેને, ભક્તિનગર પોલીસે આનંદનગર મેઇન રોડ પરથી દારૂ પી એક્ટીવા પર નીકળેલા મનિષ નટુભાઇ સોલંકીને, થોરાળા પોલીસે ભાવનગર રોડ પર અમુલ સર્કલ પાસેથી નશો કરી બાઇક પર નીકળેલા કિરીટ પ્રવિણભાઇ દરજીને પકડ્યો હતો.

તેમજ પ્રધ્યુમનનગર પોલીસે રૂખડીયા પરા ફાટક પાસેથી નશો કરી ટુવ્હીલર પર નીકળેલા મિલન હસમુખભાઇ સોલંકીને, રેલનગર મેઇન રોડ પરથી દારૂ પી વાહન હંકારી નીકળેલા કિશોર ભીખાભાઇ સિતાપરાને, સંતોષીનગર પાસેથી દારૂ પી બાઇક પર નીકળેલા વિમલ કનકરાય ગાંધીને પકડી લેવાયો હતો. આ ઉપરાંત યુનિવર્સિટી પોલીસે નવા ૧૫૦ રીંગ રોડ પર પરશુરામ ચોકડીએથી કારમાં નશો કરીને નીકળેલા ધ્રુવલ ઘનશ્યામભાઇ પટેલ, રૈયાધાર મફતીયાપરામાંથી નશો કરી બાઇક પર નીકળેલા નવીન રામજીભાઇ ભોંયા, અલ્પેશ બીપીનભાઇ માંડલીયા, આકાશવાણી ચોકમાંથી બાઇક પર નશો કરી નીકળેલા દિલીપ હીરાભાઇ બાંભણીયા, આલાપ ગ્રીન સીટી ચોકમાંથી નશો કરી એક્સેસ પર નીકળેલા નિલેષ દયારામભાઇ પટેલ, રૈયાધાર પાસેથી બાઇક પર નશો કરી નીકળેલા પ્રકાશ માનસિંગભાઇ પરમારને પકડ્યા હતાં.

આ ઉપરાંત તાલુકા પોલીસે સ્પીડ વેલ પાર્ટી પ્લોટ પાસેથી અજય ભગવાનજીભાઇ ચૌહાણને દારૂ પીધેલો પકડ્યો હતો. તે એક્ટીવા હંકારીને નીકળ્યો હતો. જ્યારે એ-ડિવીજન પોલીસે શાસ્ત્રી મેદાન પાસેથી નશાની હાલતમાં રઝાક અબ્દુલભાઇ ચૌહાણને, જ્યુબીલી બાગ પાસેથી હરિસિંગ બિરપલસિંગ ચુનાર, સદર બજાર હરિહર ચોકમાંથી જયેશ પુનાભાઇ રાઠોડ, મહેશ આસુદામલ ખટવાણી, સાંગણવા ચોક પાસેથી પરબત વાલજીભાઇ ગમારા, હિતેષ પ્રેમજીભાઇ પુજારાને અને પ્ર.નગર પોલીસે જીલ્લા પંચાયત ચોક પાસેથી ધર્મેશ ગોપાલભાઇ વાગડીયાને, બહુમાળી ભવન ચોક પાસેથી હિતેષ ગંગારામાભાઇ રાઠોડને દારૂ પીધેલા પકડ્યા હતાં. જ્યારે જામનગર રોડ પર દારૂ પી બાઇક હંકારી નીકળેલા સુરેશ ધીરૂભાઇ જમોડને, બજરંગવાડી પાસે નશો કરી રિક્ષામાં નીકળેલા શામજી જેહાભાઇ જમોડને, રૈયા ચોકડીએ નશો કરી બાઇક પર નીકળેલા વિનોદ યોગેશભાઇ ધકાણને પકડી લેવાયા હતાં.

ખાસ ડ્રાઇવ દરમિયાન યુનિવર્સિટી પોલીસે જેકે ચોક શીતનગર પાસેથી નશાની હાલતમાં નીકળેલા જેન્તી મેઘાભાઇ મકવાણા, યુનિવર્સિટી રોડ પરથી મિલન જગદીશભાઇ વીરડીયા, ભાવીન રમણીકભાઇ કંટારીયાને અને રૈયાધારમાંથી નશો કરી નીકળેલા રાજેશ મહેશભાઇ વાઘેલાને પકડી લીધા હતાં. આ ઉપરાંત લાલપરી નદી કાંઠે સેટેલાઇટ ચોક પાસેથી છરી સાથે મુન્નો ખોડુભાઇ ભોણીયાને તેમજ અન્ય ચાર સ્થળેથી છરી સાથે ચારને પકડી લેવાયા હતાં. જ્યારે દેશી દારૂના દરોડામાં ભક્તિનગર પોલીસે ઢેબર કોલોની પાસેથી ઝૂપડામાં રહેતાં બચુ બાબુભાઇ બ્લોચ તથા હંસા રાજુભાઇ સોલંકીને દેશી દારૂ સાથે પકડ્યા હતાં. તેમજ સહકારનગર મેઇન રોડ પરથી નીતા રાજેન્દ્ર સોલંકીને પાંચ લિટર દારૂ સાથે પકડી લેવાઇ હતી.

બીજી તરફ પ્ર.નગર પોલીસે રૂખડીયા ફાટક પાસેથી બે લિટર દારૂ સાથે સંજય હકુભાઇ ડાભીને પકડ્યો હતો. ગાંધીગ્રામ પોલીસે નવા દોઢસો રીંગ રોડ પરથી પારૂલ વિક્રમભાઇ ચોહાણને પાંચ લિટર દારૂ સાથે અને ઘંટેશ્વર ૨૫ વારીયામાંથી આઠ લિટર દારૂ સાથે લાખા વાઘાભાઇ સભાડને પકડ્યો હતો. શહેરભરમાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની દેખરેખ હેઠળ ૪-ડીસીપી, ૬-એસીપી, ૨૧-પીઆઇ, ૨૦-પીએસઆઇ મળી ૮૫૧ના સ્ટાફ અને ૪૩૧ હોમગાર્ડ જવાનોએ બંદોબસ્ત જાળવ્યો હતો. મહિલા કારચાલકોને પણ મહિલા પોલીસ અધિકારીઓ દ્વારા ચેક કરી તેના વાહન ચકાસાયા હતાં. એસઓજીએ ડીજે ડાન્સ પાર્ટીના સ્થળોએ ડ્રોનની મદદથી તપાસ કરી હતી. ક્રાઇમ બ્રાંચ, એલસીબી અને જે તે પોલીસ સ્ટેશનની ટીમોએ ચાંપતો બંદોબસ્ત જાળવવામા આવ્યો હતો.

# પોલીસ દ્વારા યોજાઈ હેલમેટ રેલી

### ૧૪ કી. મી.ની યોજાઈ રેલીઃ ટ્રાફિક અવરનેશ અંતર્ગત હેલમેટ જાગૃતિના પ્રયાસો



રાજકોટ મીરર, તા.૧

માર્ગ અકસ્માત નિવારણ સાથે ફરજીયાત હેલમેટ કાયદાનું સંપૂર્ણ પાલન થાય તે માટે રાજકોટ ટ્રાફિક બ્રાંચ દ્વારા જનતામાં હેલમેટ પ્રત્યે જાગૃતિ આવે તે માટે પોલીસ હેડ કવાર્ટરથી ૧૪ કિ.મી.સુધીની હેલમેટ રેલીનું આયોજન થયુ હતું. જેમાં પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં.શહેર ટ્રાફિક શાખા ટ્રાફિક અવેરનેશ અંતર્ગત આજરોજ ૧૪ કિ.મી, સુધીની હેલમેટ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીને પોલીસ હેડ કવાર્ટર તાલીમ ભવનથી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી.પો. અધિક્ષક મહેન્દ્ર બગડીયાનાં હસ્તે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.રેલીમાં ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ, સહિતના અધિકારીઓ કર્મચારીઓ જોડાયા હતાં.આ રેલી પો.હે.કવાર્ટર તાલીમ ભવનથી શરૂ થઈ બહુમાલી ભવન, જિ.પ.ચોક, કિસાનપરા, મહિલા કોલેજ અંડર બ્રીજ કોટેચા ચોક, કે.કે.વી.હોલ, આત્મીય કોલેજ, ક્રિસ્ટલ મોલ, જે.કે.ચોક, આકાશવાણી ચોક, પંચાયત ચોક, ઈન્દિરા સર્કલ, રૈયા ટેલીફોન એકચેન્જ, રૈયા ચોકડી, હનુમાનમઢી ચોક, આમ્રપાલી, અંડર બ્રીજ મેયર બંગલો, જુની એનસીસી ચોક થઈ પો.હેડ.કવાર્ટર ખાતે પૂર્ણ થઈ હતી.

માર્ગ અકસ્માત અવેરનેસ અંતર્ગત રેલીમાં વાહન ચલાવતી વેળાએ અચુક હેલમેટ પહેરોનો સંદેશો વહેતો મુકવામાં આવ્યો હતો. ત્યારે દ્વીચક્રી વાહન ચાલકોમાં પણ હેલમેટ અંગે જાગૃતિ આવે સૌ વાહન ચાલકો હેલમેટ પહેરી કાયદાનું પાલન કરે તે માટેનો આ પ્રયાસ રાજકોટવાસીઓને સ્પર્શી ગયો હતો.

# જિલ્લાના ૧૦૮ સ્થળોને 'નો ડ્રોન' ઝોન જાહેર કરતા અધીક કલેકટર

### વીરપુર જલારામ મંદિર, SCA ક્રિકેટ સ્ટેડિયમ, કાગવડ મંદિર તેમજ પીજીવીસીએલના સબ સ્ટેશનો, જળાશયો સહિતનો જાહેરનામામાં સમાવેશ

રાજકોટ મીરર, તા.૧

રાજકોટ જિલ્લાના ૧૦૮ સ્થળોને નો-ડ્રોન ઝોન તરીકે જાહેર કરી દેવામાં આવ્યા છે. આ અંગે અધિક કલેક્ટર એ.કે. ગૌત્તમ દ્વારા ખાસ જાહેરનામુ પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યું છે. જેમાં જણાવાયું છે કે, થોડા સમય પહેલા જમ્મુ કાશ્મીરમાં ડ્રોન હુમલાનો બનાવ બનેલ હોય આ પ્રકારના સંશોધનોથી રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આતંક ફેલાવી સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાન-માલને નુકશાન પહોંચાડાય તેવી શક્યતા રહેલી હોય જેથી સાવચેતીના પગલાના ભાગરૂપે જિલ્લાના ૧૦૮ સ્થળોને નો-ડ્રોન ઝોન જાહેર કરી દેવામાં આવેલ છે.



જે અંતર્ગત આ ૧૦૮ સ્થળો પર રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન તથા એરીયલ મિસાઇલ હેલીકોપ્ટર, માઇક્રો લાઇટ, એર ક્રાફ્ટ કે પેરાલાઇડર જેવા સાધનોના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવામાં આવેલ છે. જિલ્લાના જે વિસ્તારો નો-ડ્રોન ઝોન જાહેર કરાયા છે.

જેમાં વીરપુરનું જલારામ મંદિર, કાગવડ મંદિર, છાપરવડી ડેમ, પીજીવીસીએલના સબ સ્ટેશનો, મોટા જળાશયો, કામનાથ મહાદેવ મંદિર કનેસરા, મોજ ડેમ, વેણુ-૨ ડેમ, ઓલ ઈન્ડિયા રેડીયો સ્ટેશન, એસ.સી.એ. ક્રિકેટ સ્ટેડીયમ, ન્યારી ડેમ, ઈશ્વરીયા ડેમ, ગોંડલ બસ સ્ટેશન, જેતલસર રેલવે સ્ટેશન સહિતના ૧૦૮ સ્થળોનો સમાવેશ કરાયો છે. અધિક કલેક્ટરના આ જાહેરનામાના ભંગ કરનારાઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે. આ ઉપરાંત અધિક કલેક્ટર દ્વારા રાજકોટ શહેર જિલ્લામાં ટુ-વ્હીલર સહિતના વાહનોની લે-વેચ કરનારાઓ વેપારીઓ તેમજ મોબાઇલની લે-વેચ કરતા દુકાનધારકો માટે પણ જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું છે. જેમાં વાહન ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખ કાર્ડ મેળવવા તેમજ વાહનોના ફ્રેમ નબર, ચેસીસ નંબર રાખવા પણ તાકિદ કરવામાં આવી છે.

# ૩૧ ફર્સ્ટમાં મોડી રાત સુધી ડીજે વગાડતા ત્રણ સામે ગુનો

### અટલ સરોવરમાં રજવાડી ગ્રુપના આયોજક સહિત ત્રણ સામે નોંધાયો ગુનોઃ યુનિવર્સિટી પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ મીરર, તા.૧

શહેરમાં ૩૧મી ડિસેમ્બરની ઉજવણી માટે નવ સ્થળે ડાન્સ, ડીજે ડીનર પાર્ટીના આયોજન થયા હતાં. જો કે અન્ય આયોજકને પ્રોસીઝર માટે કાગળો પુરા ન કરતાં મંજુરી અપાઈ નહોતી. બીજી તરફ પોલીસે સુપ્રિમ કોર્ટની ગાઇડ લાઇન મુજબ કાર્યવાહી કરી હતી.

શહેરના નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર અટલ સરોવરની અંદર રજાવાડી ગ્રુપ દ્વારા ૩૧મી ડિસેમ્બરની ઉજવણી અંતર્ગત ડાન્સ-ડીજે પાર્ટીનું આયોજન કરાયું હતું. જ્યાં રાતે પોણા અગિયારેક વાગ્યે ખુબ મોટા અવાજે માઇક વગાડવામાં આવતાં હોઇ ત્યારે પોલીસે ત્રાટકી આયોજક સહિત ત્રણ જણા સામે અવાજનું પ્રદુષણ ફેલાવવા મામલે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

આ બારામાં યુનિવર્સિટી પોલીસે એએસઆઈ જગમાલભાઈ એન. ખટાણાની ફરિયાદ પરથી હાર્દિકસિંહ દિલીપસિંહ રાઠોડ (ઉં.વ.૨૮-ધંધો એલીવેટર, રહે. રૈયા રોડ શીવપરા - ૭), મનિષ નરસીભાઈ ચાવડા (ઉં.વ.૩૯-ધંધો મેનેજમેન્ટ, રહે. ગવર્નમેન્ટ ક્વાર્ટર-૮૪, કાલાવડ રોડ) તથા પારસ સુરેશભાઇ જોષી (ઉ.વ.૪૨-ધંધો સાઉન્ડ ઓપરેટર) વિરૂધ્ધ બીએનએસની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધ્યો હતો.પીઆઇ એચ. એન. પટેલ, એએસઆઇ જગમાલભાઇ ખટાણા, કોન્સ. વનરાજભાઈ લાવડીયા, દિવ્યરાજસિંહ જાડેજા રાતે ૩૧મી ડિસેમ્બર અંતર્ગત પેટ્રોલીંગમાં હતાં ત્યારે અટલ સરોવર નજીક પહોંચતા અંદરથી માઇકનો તીવ્ર અવાજ આવતો હોઇ તપાસ કરતાં રજવાડી ગ્રુપ દ્વારા ૩૧મી ડિસેમ્બરની ઈવેન્ટનું આયોજન કરાયાનું જણાયું હતું. રાતના દસથી સવારના છ સુધી માઇક ન વગાડવાનું પોલીસ કમિશનરનું જાહેરનામું હોવા છતાં અહિ આયોજકો રાતે અગિયાર વાગ્યે મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડી અવાજનું પ્રદુષણ ફેલાવવામાં આવતું હોઇ આયોજક હાર્દિકસિંહ અને મેનેજમેન્ટનું કામ સંભાળતા મનિષ તથા સાઉન્ડ ઓપરેટર સામે ગુનો નોંધી સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ નોટીસ આપી કાર્યવાહી કરવામાં આવી હતી.

# ઉઘરાણી મામલે વેપારી નવઘણ પર હુમલો

### 'તારુ આંગડીયુ આવ્યું છે' કહીને બોલાવી બાદ ધર્મેન્દ્ર રોડે લઇ જઇ દુકાનમાં પુરી માર માર્યો

રાજકોટ મિરર તા.૧

પડધરીના રંગપરના પાટીયે રહેતાં અને છુટક સુકોમેવો વેંચી ગુજરાન ચલાવતાં નવઘણ ભુપતભાઇ સોલંકીને ગઇકાલે બપોરે તારુ આંગડીયુ આવ્યુ છે લઇ જવા તેમ કહી ડ્રાયફ્રુટના ધંધાર્થીઓ શબ્બીર અને આરીફે રૈયા ચોકડીએ બોલાવ્યા બાદ ગાળો આપી. મારકુટ કરી દાણાપીઠમાં આ બે પૈકી એકની દૂકાને લઇ જઇ માર મારી બાદમાં ધર્મેન્દ્ર રોડ પર બીજા શખ્સની દુકાને લઇ જઇ ગોંધી રાખી ત્યાં પણ માર મારી પૈસાની ઉઘરાણી કરી છેલ્લે મોડી રાતે જવા દેતાં ઘરે જઇ આજે બપોરે સારવાર માટે દાખલ થયો હતો.

નવઘણે કહ્યું હતું કે તેણે બે મહિના પહેલા શબ્બીર અને આરીફ પાસેથી પચાસ હજારનું ડ્રાયફ્રુટ લીધુ હતું. તેના વીસ હજાર ચુકવવાના બાકી હોઇ તેની ઉઘરાણી માટે પોતાનું અપહરણ કરી દૂકાનમાં પુરી માર માર્યાનો આક્ષેપ કર્યો હતો.



# ગોંડલ માર્કેટિંગ યાર્ડની મુલાકાતે ડો.પ્રાચી સિંગ

રાજકોટ મીરર, તા.૭

એગ્રી કલ્ચર એન્ડ પ્રોસેસેડ ફુડ પ્રોડક્ટ એક્સપોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરિટીના ડો. પ્રાચી સિંગ અને તેમની ટીમે ગોંડલ માર્કેટીંગ યાર્ડની મુલાકાત કરી હતી. ખેડુતોને બજાર ભાવ પોષણક્ષમ મળી રહે તે હેતુથી યાર્ડની મુલાકાત લઈને જણસીઓની માહિતી મેળવી હતી. અને કઈ રીતે વધુમા વધુ માલને એક્સપોર્ટ કરી શકાય તે અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ તકે યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરીયાએ શિલ્ડ આપી સન્માનીત કર્યા હતા.




તસ્વીરઃ કુલદીપસિંહ જાડેજા

# વેરા વસુલાત વિભાગના હવાતિયા

## ■ ૧૧ મિલકતો ને કરવામાં આવી સીલ, જ્યારે પાંચ નળ કનેક્શન કપાયા : વિભાગે કરી ૧૫.૯૨ લાખની રિકવરી







રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની રીકવરી ઝુંબેશ અંતર્ગત અનેક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં રાજકોટ મનપાના વેરા વસુલાત વિભાગ દ્વારા ૧૧ મિલકતોને સીલ કરવામાં આવી જ્યારે ૧૦ મિલકતો માં રિકવરી થઈ સાથોસાથ પાંચ જેટલા નળ કનેક્શન પણ કપાત કરી કુલ વેરાવ સુલત વિભાગે ૧૫.૯૨ લાખની રિકવરી કરી છે.

મળતી માહિતી મુજબ વોર્ડ નંબર ૨ માં આવેલા ધ સીટી સેન્ટરના થર્ડ ફ્લોર પર આવેલી દુકાનને સીલ કરવામાં આવી જ્યારે રયા રોડ પર આવેલા સદગુરુ કોમ્પ્લેક્સ માં ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનને સીલ કરવાની કામગીરી કરાતા ૯૮,૦૦૦ નો પીડીસી ચેક આપવામાં આવ્યો હતો. જ્યારે રયા રોડ પર આવેલા એક યુનિટને સીલ કરવામાં આવ્યું હતું તો હનુમાન મઢી પાસે આવેલા એક યુનિટને બાકી માંગણા સામે સેલની કાર્યવાહી થતા જ ૫૯,૦૦૦ નો પીડીસી ચેક આપવામાં આવ્યો હતો.

જામનગર રોડ પર આવેલ પુષ્કરધામ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં -૭ , ૬ને સીલ કરવામાં આવી હતી. જ્યારે જામનગર રોડ પર આવેલ પુષ્કરધામ ફર્સ્ટ ફ્લોર શોપ નં -૧૦૭ ને સીલ કરવામાં આવી. શ્રમજીવી સોસાયટીમા ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૯૮,૩૬૭ ની થઈ. રૈયા રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૬૨,૭૩૦ થઈ. મોચી બજારમાં આવેલ 'ગોકુલ કોમ્પ્લેક્ષ' થર્ડ ફ્લોર શોપ નં-૩૧૪ ને સીલ કરવામાં આવી.

વોર્ડ નં-૩માં દરબારગઢ મેઈન રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૬૬,૨૪૬ થઈ. દાના પીઠ લાભ ચેમ્બર્સમાં થર્ડ ફ્લોર શોપ નં -૩૦૮ ને સીલ કરવામાં આવી. વોર્ડ નં-૪માં કુવાડવા રોડ પર આવેલ ૧-યુનીટનાં બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૦,૦૦૦ની થઈ.

વોર્ડ નં-૫ શક્તિ સોસાયટી મેઇન રોડ પર આવેલ ૧-નળ કનેક્શન કપાત કરતાં રીકવરી રૂ.૭૦,૫૦૦/- નો ડઉઈ ચેક આપવામાં આવી. જ્યારે પેડ્ક રોડ પર આવેલ ૧-નળ કનેક્શન કાપવામા આવ્યું. શક્તિ સોસાયટીમાં ૧-યુનિટના બાકી માગણાં સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૭૫,૦૦૦ નો ડઉઈ ચેક આપવામાં આવ્યો.

વોર્ડ નં-૬માં ગુજરાત હાઉસિંગ બોર્ડમાં કવાર્ટર નં-૫૮ ૧-નળ કનેક્શન કપાત કરવામાં આવ્યું હતું. જ્યારે ગુજરાત હાઉસિંગ બોર્ડમાં કવાર્ટર નં-૧૧૨૫ ૧-નળ કનેક્શન કાપવામાં આવ્યું. એવીજ રીતે વોર્ડ નં-૮ માં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ ક્રિસ્ટલ કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ફર્સ્ટ ફ્લોર શોપ નં-૧૦૧ ને સીલ કરવામાં આવ્યું.

વોર્ડ નં-૧૩માં ઉમાકાન્ત ઈન્ડ.એરીયામાં ૧-યુનિટના બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૩.૯૦ લાખ નો ડઉઈ ચેક આપવામાં આવ્યો. જ્યારે વોર્ડ ૧૪માં કાન્તાશ્રી વિકાસ ગૃહ રોડ પર આવેલ 'આરાધના કોમ્પ્લેક્ષ' ફર્સ્ટ ફ્લોર શોપ નં-૧૦૧ ને સીલ કરવામાં આવી. સાથો સાથ શોપ નંબર ૧૦૭ અને ૧૦૮ ને સીલ કરવામાં આવ્યું. વોર્ડ નંબર ૧૫માં નવા થોરાડા વિસ્તારમાં સૂર્યોદય સોસાયટી માં એક નળ કનેક્શન કાપવામાં આવ્યું જ્યારે એક નળ કનેક્શન કપાત કરતા મિલકતધારકે પીડીસી ચેક આપ્યો. વોર્ડ નંબર ૧૬ માં આવેલા કોઠારીયા મેન રોડ પર મણીનગરમાં એક નળ કનેક્શન કાપવામાં આવ્યું. જ્યારે વોર્ડ નંબર ૧૮ માં ઢેબર રોડ પર આવેલ એક યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી ૫૫૦૦૦ ની થઈ જે માટેનો પીડીસી ચેક વેરા વસુલાત વિભાગને આપવામાં આવ્યો. વાત કરવામાં આવે તો ગોંડલ રોડ પર આવેલા એક મિલકતના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા ૩૦,૦૦૦ ની રિકવરી પેટે મિલકતધારકે પીડીસી ચેક આપ્યો. વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ ગઈકાલ સુધીમાં કુલ ૩૩૧ કરોડની રિકવરી થયેલી છે.

### ટાર્ગેટ સુધી પહોંચવા મનપા માટે કપરા ચડાણ

રાજકોટ મહાનગરપાલિકાના વિભાગ દ્વારા હાલ જે રીતે રિકવરી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે તેને ધ્યાને લઇ એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે જે ૪૧૦ કરોડનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે તેને પહોંચી વળવા માટે હાલ વેરા વસુલાત વિભાગ દ્વારા ઝુંબેશને વધુ તીવ્ર બનાવી છે. ત્યારે ટાર્ગેટ ને પૂરો કરવા માટે હવે આગામી દિવસો મહાનગરપાલિકા માટે ખૂબ કપરા સાબિત થઈ શકે છે. મહત્વનું એ છે કે ગત વર્ષે જે રીતે પઠાણી ઉઘરાણી કરતા હોય તે પ્રકારની કામગીરી વેરાવસુલા વિભાગ દ્વારા કરવામાં આવી હતી પરંતુ આ વખતે કદાચ એ શક્ય નહીં બને કારણ કે જે સ્થિતિનું નિર્માણ થયું છે તેમાં જો આ પ્રકારની વસૂલાત કરવામાં આવે તો પણ ટાર્ગેટ સુધી પહોંચી ન શકાય.

### વિવિધ સરકારી કચેરીઓનો અધધ વેરો બાકી

મહાનગરપાલિકા ના વેરાવસુલા વિભાગ દ્વારા જે માહિતી મળી રહી છે તે મુજબ વિવિધ સરકારી કચેરીઓના ખૂબ મોટા વેરા બાકી છે અને જો સમયસર તેની પૂર્તિ કરવામાં નહીં આવે તો વિભાગને ઘણી આર્થિક નુકસાની નો સામનો પણ કરવો પડશે અને મહાનગરપાલિકાની આવક પણ ઘટશે. જરૂરી એ છે કે આજ દિન સુધી જે વસુલાત કરવામાં આવી જોઈએ તેવી એક પણ કડકાઇ પૂર્વકના પગલાં સરકારી વિભાગ માટે લેવામાં આવ્યા નથી. જેને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે ત્યારે જો આ રકમની પણ વસૂલાત થાય તો પણ મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગને ટાર્ગેટ પૂરો કરવા એડી ચોટીનું જોર લગાવવું પડશે.

## રાજકોટ જિલ્લામાં કુલ ૧.૬૦ લાખથી વધુ મિલકતોની કરાઈ નોંધણી

**સરકારને ૯૦૦ કરોડથી વધુની આવક : મોરબી રોડ પર સૌથી વધુ મિલકતોનું થયું વેચાણ**

રાજકોટ, તા. ૧

રાજકોટ શહેર જિલ્લામાં ગત ૨૦૨૪ માં જંત્રીદારના મુદ્દે રીયલ એસ્ટેટ ઉદ્યોગને ઘણી માઠી અસરનો સામનો કરવો પડ્યો છે. મળતી માહિતી મુજબ હાલ જે આંકડો સામે આવી રહ્યો છે તેમાં ૧.૬૦ લાખથી વધુ મિલકતોનું વેચાણ થયું છે અને સબ રજીસ્ટર કચેરીમાં દસ્તાવેજ નોંધાતા સરકારને ૯૩૨ કરોડની જંગી આવક થઈ છે. મળતી માહિતી મુજબ વીતેલા વર્ષ દરમિયાન મોરબી રોડ પર સૌથી વધુ ૧૯ હજારથી વધુ મિલકતોનું વેચાણ થયું છે જ્યારે રૈયામાં ૧૨,૨૧૪ અને મહુડીમાં ૧૫૪૧૨ મિલકતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોની નોંધણી સબ રજીસ્ટર કચેરીમાં થયેલી છે. રાજકોટ ગ્રામ્યની વાત કરવામાં આવે તો ૯,૪૩૪, કોઠારીયામાં ૧૨,૪૮૦, રતનપરમાં ૧૧,૭૨૯, રાજકોટ એકમાં ૧૦૪૩૬ તેમજ પડધરીમાં ૩,૩૫૫, જેતપુરમાં ૮૧૨૫, ઉપલેટામાં ૫૨૨૭, જામકંડોરણામાં ૧૩૫૭, લોધીકામાં ૯, ૮૮૧, જસદણમાં ૫,૮૨૫, વિછીયામાં ૯૫૬, ગોંડલમાં ૧૫,૧૦૪, કોટડા સાંગાણીમાં ૬૦૩૪, અને ધોરાજીમાં ૩૯૭૫ મિલકતો મળી કુલ ૧.૬૯ લાખ મિલકતોનું વેચાણ થયેલું છે. મળતી માહિતી મુજબ ૨૦૨૪ ના ડિસેમ્બર મહિનામાં પણ રાજકોટ શહેર જિલ્લામાં કુલ ૧.૩૨ લાખ મિલકતોનું વેચાણ થતા તેની નોંધણી સબ રજીસ્ટર કચેરીમાં થાય છે એટલું જ નહીં ગાત ડિસેમ્બર માસ દરમિયાન પણ શહેરના મોરબી રોડ પર સૌથી વધુ ૧૫૫૪ મિલકતોનું વેચાણ થયેલું છે જેમાં રાજકોટ ગ્રામ્યમાં ૭૫૨, મવડીમાં ૧૨૭૫, કોઠારીયામાં ૯૦૪, રૈયામાં ૮૭૩, મવામાં ૭૬૪, ગોંડલમાં ૧૩૨૫, ધોરાજીમાં ૩૪૪, કોટડા સાંગાણીમાં ૫૧૫ જ્યારે રાજકોટ એકમાં ૮૭૦ મિલકતોનું વેચાણ થયું છે. હાલ જે આંકડાકીય માહિતી સામે આવી રહી છે તેમાં ડિસેમ્બર મહિના દરમિયાન જિલ્લામાં કુલ ૧૩૨૫૫ મિલકતોનું વેચાણ અને તેના દસ્તાવેજ નોંધણી થયેલી છે અને સરકારને ૮૦૮ કરોડથી વધુની જંગી આવક પણ થઈ છે.

## બનાસકાંઠા જિલ્લાનું વિભાજન, બે જિલ્લા બનાવવાની મંજૂરી

**૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે ઉત્તર ગુજરાતને મુખ્યમંત્રીની ભેટ : બનાસકાંઠાની વર્ષો જૂની માંગણી સંતોષતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**

રાજકોટ, તા. ૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર ગુજરાતને ૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે નવા જિલ્લાની ભેટ રૂપે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના વિવિધ પદાધિકારીઓ અને પ્રજાજનોની વર્ષો જુની માંગણી સકારાત્મક પ્રતિસાદ સાથે સંતોષતા હાલના બનાસકાંઠા જિલ્લામાંથી નવો વાવ-થરાદ જિલ્લો બનાવવાની જાહેરાત કરી છે. હાલનો બનાસકાંઠા જિલ્લો રાજયમાં તાલુકાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છે એટલું જ નહી વિસ્તારની દ્રષ્ટિએ પણ બીજા ક્રમનો જિલ્લો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લાઓ વાવ-થરાદ અને બનાસકાંઠા નામે બનશે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા રચાનારા વાવ-થરાદ જિલ્લા અંગેની વિગતો આપતા કહ્યું કે, હાલ આ જિલ્લાના ૧૪ તાલુકાઓમાંથી નવા બનનાર વાવ-થરાદ જિલ્લામાં વાવ, ભાભર, થરાદ, ધાનેરા, સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૮ તાલુકાઓ તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે.

બનાસકાંઠા જિલ્લામાં બાકીના ૬ તાલુકાઓ પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા એમ કુલ ૬ તાલુકાઓ તેમજ પાલનપુર અને ડીસા એમ બે નગરપાલિકાઓનો સમાવેશ થશે. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીએ બંને જિલ્લાઓમાં ગામડાઓનું વિભાજન મહદઅંશે સમાન રીતે દરેક જિલ્લામાં ૬૦૦ આસપાસ રહે તેમ તથા વિસ્તાર વાવ-થરાદ જિલ્લામાં ૬૨૫૭ ચો. કિ.મી અને બાનસકાંઠા જિલ્લામાં ૪૪૮૬ ચો. કિ.મી રહે તે પ્રમાણે વિભાજન કરવામાં આવશે તેવા દિશાનિર્દેશ આપ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા વિસ્તારના પ્રજાજનોને વહીવટી/ભૌગોલિક/આર્થિક વગેરે બાબતે વધુ સુગમતા રહે તે આશયથી બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય મથક પાલનપુર અને વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રાખવાનું નક્કી કર્યુ છે.

**અવધ નજીક ટીજીબી સર્કલ પાસે ૩૧મીની રાતે બનેલી ઘટનાએ ભોગ બનનાર અને તેના પરિવારજનોને ભયભીત કરી મુક્યા**

# યુવાનનું મંગેતર સાથે તેની જ કારમાં અપહરણઃ બેફામ માર મારી લૂંટ

**પોલીસના નામે કાર લઇને આવેલા ચાર નશાખોરોનો ખોફનાક ઈરાદો હતોઃ કારને અવાવરૂ સ્થળે લઈ જઇ યુવતિને અંદર જ બેસી રહેવા કહ્યું, યુવાનને બહાર કાઢવા બેફામ માર માર્યોઃ આધારકાર્ડ મંગાવવા યુવાને પરિવારજનને ફોન કરતાં લોકેશનને આધારે બધા ત્યાં જવા નીકળ્યાઃ એ દરમિયાન ચારેય રોકડ પડાવી ભાગી ગયાઃ પોલીસે શકમંદોને ઉઠાવ્યા**

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૩૧**

શહેરમાં થર્ટી ફર્સ્ટ નાઇટની ઉજવણી આમ તો પોલીસના બંદોબસ્તને લીધે શાંતિપુર્વક થઇ હતી. પરંતુ આ વચ્ચે રાતે એકાદ વાગ્યા આસપાસ કાલાવડ રોડ અવધ નજીક એક એવી ઘટના બની હતી જેણે એક યુવાન અને તેની મંગેતરને ખળભળાવી મુક્યા હતાં. તો આ બંનેના પરિવારજનો પણ ફફડી ગયા હતાં. સદનસિબે ન થવાનું થતાં રહી ગયું હતું. થર્ટી ફર્સ્ટ ઈવેન્ટમાંથી યુવાન તેની મંગેતરને લઇ કારમાં બેસી ઘરે જવા નીકળ્યો ત્યારે અન્ય કારમાં આવેલા ચાર લુખ્ખા નશાખોરોએ આ બંનેની કાર આંતરી પોતાની પોલીસ તરીકે ઓળખ આપી બાદમાં તેની જ કારમાં બંનેનું અપહરણ કરી અવાવરૂ જગ્યાએ લઇ જઇ યુવાનને મારકુટ કરી કારમાંથી ઉતરી જવા અને યુવતિને અંદર જ બેસી રહેવા કહ્યું હતું. પણ યુવાન કાર લોક કરીને બેસી રહ્યો હતો અને માર સહન કર્યો હતો. એ દરમિયાન તેણે પરિવારજનને ફોનથી વાત કરી હોઇ લોકેશન શોધતા પરિવારજનો બંને પાસે જવા નીકળ્યા ત્યારે ચારેય લુખ્ખા પકડાઇ જવાની બીકે અને બદઈરાદો બર ન આવતાં રોકડ લૂંટી ભાગી ગયા હતાં. ઘટનાની પોલીસે તપાસ શરૂ કરી શકમંદોને ઉઠાવ્યા છે.

જાણવા મળેલી માહિતી પર નજર કરીએ તો ૩૧મી ડિસેમ્બરની ઉજવણીમાં કાયદો વ્યવસ્થાનું ચીરહરણ ન થાય એ માટે પોલીસ જગ્યાએ જગ્યાએ તૈનાત હતી. આમ છતાં અમુક નશાખોરો ભાન ભુલી ગયા હતાં અને એક ચોંકવાનારી ઘટનાને અંજામ આપ્યો હતો. વિગતો પર નજર કરીએ તો નાના મવા રોડ વિસ્તારમાં રહેતો આશરે પચ્ચીસ વર્ષનો યુવાન કે જેની હાલમાં જ સગાઇ નક્કી



**પોલીસના નામે રોફ જમાવનારા ચારેય ચિક્કાર નશામાં હતાંઃ જો યુવાન કારમાંથી ઉતરી ગયો હતો તો તેની મંગેતર સાથે શું થયું હોત તે વિચાર જ ધ્રુજાવી મુકે તેવો**

થઇ છે તે પોતાની મંગેતરને લઈને ગત રાતે કાર મારફત ટીજીબી તરફ થર્ટી ફર્સ્ટ ઈવેન્ટમાં ગયો હતો. બંને રાતે એકાદ વાગ્યે ત્યાંથી ઘરે જવા નીકળ્યા ત્યારે સર્કલ નજીક તેની કારને અન્ય કારમાં આવેલા ચાર શખ્સોએ આંતરી પોલીસ તરીકે ઓળખ આપી હતી.

બાદમાં તેની જ કારમાં બંનેને અપહરણ કરી નજીકની અવાવરૂ જગ્યાએ લઇ જઇ યુવાનને નીચે ઉતરી જવાનું કહી બેફામ મારકુટ કરી હતી. જો કે યુવાન નીચે ન ઉતરતા આ નશાખોરોનો ઈરાદો બર આવ્યો નહોતો. દરમિયાન આધારકાર્ડ માટે યુવાને પરિવારજનને ફોન કરતાં સ્વજનને શંકા જતાં લોકેશનને આધારે પગેરૂ દબાવતાં છેલ્લે ચારેય લુખ્ખાઓ રોકડ પડાવી ભાગી ગયા હતાં. ભોગ બનનાર યુવાનના સગાએ વિગતો આપતાં કહ્યું હતું કે અમારા દિકરાનું સગપણ થોડા સમય પહેલા જ સગપણ થયું છે. એકત્રીસમી ડિસેમ્બરની રાતે અમારો દિકરો તેની મંગેતરને લઇને કારમાં ટીજીબી પાસે થર્ટી ફર્સ્ટના ફંકશનમાં ગયો હતો. બંને રાતે એકાદ વાગ્યે ત્યાંથી ઘરે આવવા નીકળ્યા ત્યારે ટીજીબી સર્કલ નજીક બીજી એક કાર આવી હતી અને અમારા દિકરાની કારને આંતરી હતી. સામેની કારમાં ચાર જણા હતાં.

આ ચારેયએ પોતે પોલીસ છે તેમ કહી કાર ચેક કરવાના બહાને અમારા દિકરાને બહાર નીકળી જવાનું કહ્યું હતું. પણ તેને શંકા જતાં તે ન ઉતરતાં ખેંચીને બહાર કાઢી પાછળની સીટમાં બેસાડી દીધો હતો અને તેની સાથે બીજા બે બેસી ગયા હતાં. કાર અજાણ્યાએ ચલાવી હતી. ત્યાર પછી બંને કારને ટીજીબી નજીક જ અવાવરૂ સ્થળે લઇ જવાઇ હતી. જ્યાં બંને કાર ઉભી રાખી ફરીથી લુખ્ખાઓએ અમારા દિકરાને નીચે ઉતરી જવાનું કહેતાં તે ન ઉતરતાં અને દરવાજો લોક કરી દેતાં આ લુખ્ખાઓએ તેને કારની અંદર જ બેફામ મારકુટ ચાલુ કરી હતી. મંગેતર વચ્ચે પડતાં તેને પણ માર મારી લીધો હતો. આ પછી ચારેયએ ઓળખ માટે આધાર કાર્ડ આપવાનું કહેતાં તેણે આધારકાર્ડ ભેગા ન હોઇ ઘરેથી મંગાવવાનું કહેતાં અમારા દિકરાએ ફોન કરી પોલીસે રોક્યા છે અને આધારકાર્ડ માંગે છે તેમ કહેતાં અમે લોકેશન જાણી લીધુ હતું. પોલીસ આ રીતે આધારકાર્ડ ન માંગે નક્કી કંઇક બીજુ છે એવી શંકા ઉપજતાં અમે લોકેશન તરફ જવા નીકળી ગયા હતાં.

ભોગ બનનારના સ્વજને કહ્યું હતું કે અમારા દિકરા અને તેની મંગેતરના ફોન પણ પડાવી લેવાયા હતાં. બીજી તરફ આ ચારેય લુખ્ખાઓનો ઈરાદો કંઇક જુદો જ હોય તેમ તે અમારા દિકરાને કારમાંથી બહાર જવાનું કહેતાં અને માર મારતાં હતા અને તેની મંગેતરને અંદર જ રહેવાનું કહેતાં હતાં.

પણ અમારો દિકરો સતત માર પડતો હોવા છતાં બહાર નીકળ્યો નહોતો. એ દરમિયાન તેણે ફરીથી પરિવાર સાથે વાત કરી આ લોકો પોલીસ જેવા લાગતાં નથી તેમ કહેતાં પરિવારજને અમે પહોંચવા જ આવ્યા છીએ તેમ જણાવતાં ચારેય લુખ્ખા પોતાના બદઈરાદામા સફળ ન થતાં સત્તરસો જેટલા રૂપિયાની રોકડ પડાવી ભાગી ગયા હતાં. બીજી તરફ પરિવારના લોકો પણ લોકેશન તરફ પહોંચવા આવ્યા હોઇ પોલીસ રસ્તામાં મળતાં પોલીસને પણ જાણ કરી હતી.

પોલીસે આ સમગ્ર ઘટનામાં ભોગ બનનાર પાસેથી વિગતો મેળવી રાતોરાત લુખ્ખાઓને શોધી કાઢવા દોડધામ કરી હતી. વહેલી સવાર સુધીમાં ચારેયની ઓળખ થઇ ગઇ હતી અને હાથવગા કરી લેવા તજવીજ શરૂ થઇ હતી. જેમાં એક મુસ્લિમ હોવાની ચર્ચા છે. આ ઘટનામાં પોલીસ હવે કાયદેસરની કાર્યવાહી કરી લુખ્ખાઓની ખો ભુલાવી દે તેવી ભોગ બનનાર અને પરિવારજનો માંગણી કરી રહ્યા છે. પોલીસે શકમંદોને શોધી કાઢ્યાની વિગતો પણ ભોગ બનનારના પરિવારજનોએ જણાવી હતી.